CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૪૮
તા.૦૩-૦૭-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ જેઠ વદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૨૯

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૬ | વડોદરા | ૩૪.૪ |
| અમદાવાદ | ૩૭.૨ | સુરત | ૩૧ |
| ગાંધીનગર | ૩૫ | નલિયા | ૩૫.૮ |

ચાંદી : ૪૦,૨૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ

## સુરત, ભાવનગર, ગાંધીનગર, રાજકોટમાં વરસાદ નોંધાયો : આગામી બે દિવસ દરમિયાન હવે દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને વલસાડ, નવસારીમાં ભારે વરસાદની ચેતવણી





અમદાવાદ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં તથા ગુજરાતના અન્ય ભાગોમાં આજે વરસાદી માહોલ રહ્યો હતો. વરસાદી માહોલ રહેતા તમામ જગ્યાએ આનંદ છવાઈ ગયો હતો. ઘણી જગ્યાઓએ ભારે વરસાદ થયો છે જેમાં સુરત, ભાવનગર, ગાંધીનગર નો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ રહેતા કૃષિ સમુદાયના લોકો પણ ખુશ દેખાયા હતો. સૌરાષ્ટ્રમાં એકાએક હવામાનમાં પલટો આવ્યો હતો. અમરેલીના બાબરા પંથકમાં સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. વરસાદના લીદે તાપમાનમાં વધુ ઘટાડો થયો છે. રાજ-કોટ પંથકમાં કેટલાક વિસ્તારોમાં મધ્યમ તો કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. ઘણી જગ્યાએ ઝરમર વરસાદ થયો છે. ભાવનગરમાં પણ ઘણી જગ્યાએ ઝરમર અને ઘણી જગ્યાએ મધ્યમ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ તરફથી આગામી બે દિવસ દરમિયાન ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત ખાસ કરીને વલસાડ, નવસારી, દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. બીજી બાજુ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા જારી રહેવાની આગાહી કરવામાં આવી છે. આજે વરસાદી માહોલ અકબંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે શુક્રવારના દિવસે બનાસકાંઠા - સાબરકાંઠામાં આજે મેઘરાજા મનમૂકીને વરસ્યા હતા, જ્યાં ઇડરમાં અનુસંધાન પાના નં.૬

## જમ્મુ કાશ્મીર, તમિળનાડુ, આસામ અને યુપી સહિત દેશના વિવિધ ભાગોમાં અતિભારે વરસાદની આગાહી

જમ્મુ કાશ્મીર, તમિળનાડુ, આસામ અને ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં આગામી દિવસોમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગનું કહેવું છે કે, આગામી દિવસોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. ગયા સપ્તાહમાં મોનસુને નિર્ધારિત સમય કરતા ૧૭ દિવસ પહેલા સમગ્ર દેશને મોનસુને આવરી લીધા બાદ હવે આઈએમડી તરફથી ચેતવણી જારી કરવામાં આવી છે. આઈએમડીના કહેવા મુજબ ઉત્તરાખંડ, પૂર્વીય ઉત્તરપ્રદેશ સહિતના વિવિધ ભાગોમાં કેટલીક જગ્યાએ અતિભારે વરસાદ પડવાની શકયતા છે. બીજી બાજુ પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, આસામ, મેઘાલય સહિતના અનેક ભાગોમાં પણ ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. નિવેદનમાં હવામાન વિભાગે વિગત આપતા કહ્યું છે કે, હિમાચલ, પશ્ચિમી ઉત્તરપ્રદેશ, અરૂણાચલ પ્રદેશના જુદા જુદા ભાગોમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. ઉત્તર હરિયાણા, ચંદીગઢ, ઝારખંડ, ઓરિસ્સા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, કોંકણ, રાયલસીમા, તમિળનાડુમાં પણ ઘણી જગ્યાએ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આવતીકાલ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આસામ અને મેઘાલયમાં ઘણી જગ્યાઓ ઉપર અતિભારે વરસાદ થઈ શકે છે. આ ઉપરાંત પૂર્વીય ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને બિહારમાં પણ ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ઉત્તર હરિયાણામાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

## અંબાજી રબારીવાસના ત્રણ મકાનોમાં તસ્કરો ત્રાટકયા : લાખો રૂપિયાની ચોરી




### પોલીસ પેટ્રોલિંગ વધારવા ગ્રામજનોની માંગ

અંબાજી

શક્તિ, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે શક્તિપીઠ અંબાજી આ ધામ અરાવલીના પહાડોમાં આવેલુ છે અંબાજી દાંતા માર્ગ પર આવેલા બીલીવાસ જવાના રસ્તા પર રબારીવાસમાં આવેલા ત્રણ મકાનોમાં મધરાતે તસ્કરોએ તાળા તોડી ફરાર થઈ જતા આ વિસ્તારના લોકોએ ભેગા થઈ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવી હતી અને તપાસ હાથ ધરી હતી પણ ચોરો પોલીસ પકડથી દુર રહ્યા હતા. આ બાબતે પોલીસ દ્વારા અલગ અલગ ટીમ બનાવી આરોપી ચોરો ને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે ભોગ બનેલા લોકો એ પોલીસ મથક આવી લાખો રૂપિયાની ચોરી થઇ હોવાની ફરીયાદ આપી હતી. અંબાજીમાં રહેતા ભરતભાઈ સેને જણાવ્યું હતુ કે આ ચોરો નહિ પકડાય તો અમે જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરીશુ.

અંબાજી રબારીવાસમાં રહેતા ભરત ભાઈ સેન એ પોલીસ ફરીયાદમાં લખાવ્યુ છે કે હુ બહાર ગામ ગયો હતો ત્યારે મારા ઘર પાસે રહેતા લોકો દ્વારા મને ફોન દ્વારા જાણ કરવામા આવી હતી કે તમારા ઘરના ગાદલાઓ બહાર પડ્યા છે અને ઘરનો સામાન પણ વેર વિખર પડ્યો છે તેમ જણાવતા હુ તાત્કાલીક અંબાજી આવવા રવાના થયો અને ત્યારબાદ પોલીસ મથક પર જઈ મારી બીના જણાવતા પોલીસ અમારી સાથે મારા ઘરે આવી તપાસ આદરી હતી.લાખ રૂપિયા ,ચાંદી અને સોના મળી લાખો રૂપિયાનો સામાન ચોરાઈ ગયો હતો અને મારા જીંદગીની કમાણી તસ્કરો ચોરી કરી ભાગી જતા મારા પરીવાર પર મુસીબત આવી પડી છે આ બાબતે પોલીસ જલ્દીથી ચોરોને પકડે તેવી અમારી માંગ છે. આ સિવાય અન્ય બે ઘરમાં પણ તસ્કરોએ હાથ ખંખેરી ચોરી કરી ભાગી ગયા હતા. આ બાબતે પોલીસ વધુ તપાસ કરી રહી છે. આ વિસ્તાર જંગલને અડીને આવેલો હોઈ અહી પોલીસ પોઈન્ટ કે હોમ ગાર્ડ પોઈન્ટ ઉભો કરવામાં આવે તેવી માંગ આ વિસ્તારના રહીશો કરી રહ્યા છે.

## છાપી હાઇવે ઉપર કારમાંથી રૂા.૧૫,૦૦૦૦ ની ઉઠાંતરી




સુરેશ અગ્રવાલ

### આરોપી કારમાંથી બેગ ઉઠાવતાં સી.સી.ટીવીમાં કેદ

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર એક બેકરી આગળ પડેલ કારમાંથી રૂા.દોઢ લાખ ભરેલ બેગની ઉઠાંતરી થતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી જોકે આરોપી સીસી ટીવીમાં કેદ થયો હતો. જેથી પોલીસે સી.સી.ટીવી આધારે તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ છાપી હાઈવે ઉપર આવેલ કોર્નર બેકરીના માલિક અબ્દુલસત્તાર ભાઈ દુકાનની ઉઘરાણી કરી પરત આવી બેકરી આગળ સોમવારે સાંજે કાર પાર્ક કરી હતી. દરમિયાન ગ્રાહકના સ્વાગ માં આવેલ ઈસમે કારમાં પડેલ દોડ લાખ ભરેલ કાળા કલરની બેગ ઉઠાવી ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતાં દુકાનના સંચાલકે ઈસમની શોધખોળ કરવા છતાં અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### સુવ્યવસ્થા કા પ્રેમી

કેવલ મનુષ્યો નહીં, જિન પદાર્થો કો સાધારણતહ હમ નિર્જીવ માનતે હૈં ઉન પર ભી ઉનકા બડા પ્રેમ રહતા થા. પુસ્તક ઐસી વસ્તુઓં સે તો વહ વિશેષ સ્નેહ રખતે થે, ઔર સબકો બડી ફિકર સે દેખતે થે. સભી વસ્તુઓ કો સુવ્યવસ્થિત રખના ઉનકે લિયે સાધારણ- સી બાત થી. ઉનકી સબ ચીજેં સ્વચ્છ રહતી થીં ઔર ઠીક સ્થાન પર રખી જાતી થીં. વે બહુતસા કામ સ્વયં કરતે થે. મુઝે યહ દેખ કર સદા આશ્ચર્ય હોતા થા કિ ઉનકા ટેબલ ઐસા સ્વચ્છ કૈસે રહતા થા.

૧૯૨૯ મેં એક સમ્મેલન કે બાદ જવાહરલાલજી ઔર મેં ગણેશશંકર વિદ્યાર્થી કે સાથ કાનપુર આયે. હમ દોનોંકો અપને દૈનિક પત્ર 'પ્રતાપ' કે દફતર મેં છોડ કર વિદ્યાર્થીજી બગલ મેં અપને ઘર ગયે. વિદ્યાર્થીજી કે ટેબલકી અવર્ણનીય દુર્વ્યવસ્થા થી. ઉનકી અનુપસ્થિતિ મેં જવાહરલાલજીને ઉનકે ટેબલ કો પુર્ણ રૂપ સે સુવ્યવસ્થિત કર દિયા; કાગજ, પેન્સિલ, કલમ, રોશનાઈ, ઘડી આદિ સબકો તરતીબવાર લગાયા. ઉનકે પત્રો કોં સમુચિત રૂપ સે સહજ કર ટેબલ પર ઉચિત સ્થાન પર રખા.

થોડી દેર કે બાદ જબ વિદ્યાર્થીજી આયે, તો ટેબલ કી પરિવર્તિત દશા દેખકર ઉનકો અસમંજસ હુઆ. જિસ પ્રકાર કે ગોસ્વામી તુલસીદાસજીકો જો દુઃખ હુઆ થા કિ ચોરોં સે રક્ષા કરને કે લિયે રામચન્દ્રજીકો ઉનકે યહાં પહરેદારી કરની પડતી થી, ઉસી પ્રકાર ગણેશજીકો ભી ખેદ હુઆ કિ ઉનકી લાપરવાહી કે કારણ જવાહરલાલજીકો ઈતના કષ્ટ ઉઠાના પડા.

શ્રીપ્રકાશ

## સાર સમાચાર...

### મિશન ૨૦૧૯ : રાહુલ ગાંધી, અમિત શાહની યુપી પર નજર

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશમાં ગયા સપ્તાહમાં લોકસભા ચૂંટણી માટે પ્રચારનું રણશિંગુ ફુંકી દીધા બાદ ભાજપ અને કોંગ્રેસ પ્રમુખ હવે ઉત્તરપ્રદેશમાં લોકોના મન જાણવા માટે ઉત્તરપ્રદેશ પહોંચનાર છે. ૨૦૧૯ લોકસભા ચૂંટણી માટે ભાજપ પ્રમુખ અમિત શાહ અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પાર્ટીના કાર્યકરો સાથે વાતચીત કરનાર છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ચોથી જુલાઈથી સંસદીય મતવિસ્તાર અમેઠીની બે દિવસની મુલાકાતે પહોંચનાર છે. આ મુલાકાત દરમિયાન રાહુલ ગાંધી પાર્ટી વર્કરો સાથે વાતતચીત કરશે અને અન્ય કેટલાક કાર્યક્રમોમાં ભાગ લેશે. ભાજપ પ્રમુખ અમિત શાહ પણ વારાણસી, મિરઝાપુર અને આગરામાં જશે અને એજ તારીખે વાતચીત કરશે. રાહુલ ગાંધી મુસ્લિમ ખેડૂતના પરિવારને પણ મળશે. આ મુસ્લિમ ખેડુતનું સરકારી પ્રાપ્તિ સેન્ટર પર મે મહિનામાં મોત થયું હતું.

## ગતકડું....

- દેવન વ્યાસ



સ્વીસ બેંકમાં ભારતીય થાપણ વધી, સાચું ભારતે કાળા નાણાં ક્ષેત્રે ભલે પ્રગતિ કરી પરંતુ પ્રગતિ કરી...!!!

## પાલનપુરમાં ફાયરિંગ વિથ મર્ડર કેસના આરોપીઓ ત્રણ દિવસમાં નહી ઝડપાય તો આંદોલનની ચિમકી

### માલણના ગ્રામજનોએ જિલ્લા પોલીસવડાને આવેદન આપ્યું

પાલનપુર

પાલનપુરની ન્યૂ રામ ઝૂંપડી હોટલ આગળ તાજેતરમાં ફાયરિંગની ઘટનામાં માલણ ગામના યુવકની હત્યા કરવામાં આવી હતી. આ ગૂનાના આરોપીઓ હજુ સુધી પોલીસ પકડથી દુર છે. તેમજ ધાક- ધમકીઓ આપી રહ્યા હોવા અંગે માલણ ગામના ગ્રામજનોએ જિલ્લા પોલીસવડાને રજૂઆત કરી જો આરોપીઓ ત્રણ દિવસમાં નહી ઝડપાય તો ધરણાં કરવાની



(સંજય જોષી)

ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. પાલનપુર તાલુકાના માલણ ગામના લોકોએ જિલ્લા પોલીસવડા નિરજ બડગુજરને લેખિત રજૂઆત કરી હતી. જેમાં જણાવાયું હતુ કે, પાલનપુર ડીસા હાઈવે નજીક આવેલી હોટલ ન્યૂ રામઝુંપડી આગળ માલણ ગામના લશકરભાઈ અનવરભાઈ મીરની ગોળીબાર કરી હત્યા કરવામાં આવી હતી. જેમાં દિપેશભાઈ ઘનશયામભાઈ અનુસંધાન પાના નં.૬

## ડીસામાં ખોટા દસ્તાવેજ બનાવી કોમ્પ્લેક્ષ ઉભુ કરાતા પોલીસ ફરીયાદ

### સીટી સર્વે કચેરીએ પોલીસને અરજી કરી

ડીસા

બનાસકાંઠા જીલ્લાના ડીસા શહેરમાં ખોટા સરકારી દસ્તાવેજ ઉભા કરીને એક મસમોટું કોમર્શીયલ કોમ્પ્લેક્ષ ઉભું કરી દેવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ડીસાની સીટી સર્વે કચેરીએ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ બાંધનાર સામે ડીસા શહેર ઉત્તર પોલીસ મથકમાં ખોટા સરકારી દસ્તાવેજો બનાવવાની ફરિયાદ નોંધાવી છે.

જમીનોના વધતા જતા ભાવોને પગલે ઘણીવાર લોકો શોર્ટ કટ અપનાવીને રાતોરાત પૈસાદાર બની જવાનો પ્રયાસ કરતા હોય છે. ત્યારે ડીસા શહેરના તેરમીનાળા વિસ્તારમાં પણ ખોટા સરકારી દસ્તાવેજ ઉભા કરી સરકારી જમીનમાં દબાણ આચરીને તેને પચાવી પાડીને મસમોટું કોમર્શીયલ કોમ્પ્લેક્ષ ઉભું કરી દીધું છે. આ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ મુદ્દે અગાઉ ડીસા નગરપાલિકા દ્વારા તેને ટાઈટલ ચેક કરવા માટે નોટીસ અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

## જાહેર ખુલાસો

અમો એન.પી. ફોફાણી એડવોકેટ ડીસા અમારા અસીલ વસંતલાલ નાનાલાલ ઠક્કરની સુચના અને સંમતીથી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

તા. ૦૧/૦૭/૧૮ ના 'રખેવાળ' દૈનિકમાં જે પ્રથમ પેજ ઉપર 'પાલનપુરનો વેપારી ખોટા રેકર્ડ થકી ચંડીસરમાં ખેડુત બન્યો હોવાની રાવ' ના શીર્ષકથી જે સમાચાર છપાયેલા હતા તે તદ્દન ખોટા અને સત્ય હકીકતો અને દસ્તાવેજી આધાર-પુરાવા વિપરીત રીતે અમુક ઈસમોએ જમીન પડાવી લેવા જે કારસો કરેલ તેના ભાગરુપે ખોટી હકીકતો રજુ કરી છપાવરાવેલ હતા. હકીકતે મોજે ચંડીસરના રે.સ.નં.૧૪૭૯ ધર્માજી મોતીજી ઠાકોર તેમજ તેમના પત્ની મધુબેન અને તેમની દીકરીઓ સુરેખાબેન અને ઉષાબેન દ્વારા રજીસ્ટર્ડ દસ્તાવેજથી અમારા અસીલ વસંતભાઈ નાનાલાલ ઠક્કરને નોંધ નં.૨૫૭૬ તા. ૦૯/૦૯/૯૮ થી આ જમીન પૈકી એ.૪-૨૮ ગુંઠા જમીન પુરેપુરો અવેજ લઈને વેચાણ આપેલ હતી. જે વેચાણ આપ્યા બાદ લગભગ ૨૨ વર્ષ બાદ આ વેચાણ આપનાર ઈસમોની દાનત બગડતા અને પૈસા પડાવવાના બદ ઈરાદે તેમણે ખોટા ખોટા રેવન્યુ લીટીગેશન કરેલ હતા અને તા. ૨૧/૦૬/૧૮ ના રોજ આ ઈસમો અને તેમની સાથે બીજા દસથી પંદર માણસો શસ્ત્રો ધારણ કરીને બળજબરીથી આ ખેતીની જમીન પડાવી લેવા ગેરકાયદેસર મંડળી બનાવી તોડફોડ કરેલ અને મિલ્કતને નુકશાન પહોંચાડેલ હતુ જે બાબતે આ તમામ વિરુધ્ધ ગઢ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૦/૨૦૧૮ થી તેમના વિરુધ્ધ રાયોટીંગ અને અન્ય ગુના બદલ ફોજદારી ફરીયાદ પણ અમારા અસીલે દાખલ કરાવેલ છે. જેમાં પોલીસે આ ઈસમોની ધરપકડ પણ કરેલ હતી.

આમ, ચંડીસરનાં ધર્માજી મોતીજી ઠાકોર વિગેરેની વેચાણ આપેલ જમીન પચાવી પૈસા પડાવવાનો કારસો સફળ ન થતાં તેમણે કેટલાક પત્રકારોને ખોટી અને બોગસ માહિતી આપી ખોટા સમાચાર બનાવરાવેલ છે. હકીકતે અમારા અસીલ કાયદેસરનાં ખેડુત ખાતેદાર છે અને કાયદેસર રીતે તમામ અવેજ ચુકવીને તેમણે રજીસ્ટર્ડ દસ્તાવેજથી જમીન ખરીદ કરેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**અમારી મારફત**
**ડી.પી.ફોફાણી (એડવોકેટ)**
**એન.પી. ફોફાણી (એડવોકેટ)**
**ઓ. રાજહર્ષ કોમ્પલેક્ષ, મામલતદાર સામે,**
**ડીસા, તા.ડીસા, જી.બ.કાં.**

CMYK

# પાલનપુરની કોમર્સ કોલેજમાં આંકડાશાસ્ત્ર વિષય રદ થતા છાત્રોમાં રોષ

### બનાસકાંઠા વિધાર્થી સંગઠને આવેદનપત્ર પાઠવ્યું


સંજય જોષી

પાલનપુર

તાજેતરમાં પાલનપુરની સી.એલ. પરીખ કોમર્સ કોલેજમાં આંકડા શાસ્ત્ર વિષય રદ કરાતા કોમર્સના વિધાર્થીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. ત્યારે વિધાર્થીઓ ની વ્હારે ચડતા બનાસકાંઠા વિધાર્થી સંગઠન દ્વારા આવેદનપત્ર પાઠવી પુનઃ આંકડા શાસ્ત્ર વિષયને ચાલુ રાખવાની માગણી કરાઈ હતી.

કોમર્સ કોલેજમાં આંકડા શાસ્ત્ર વિષય રદ થતા નારાજ વિધાર્થીઓએ બનાસકાંઠા વિધાર્થી સંગઠનનો સંપર્ક કરતા આજે બનાસકાઠા વિધાર્થી સંગઠન દવારા વિધાર્થીઓના હીતમાં ફરી વિષય ચાલુ કરવા ઊત્તર ગુજરાત યુની.ના સૅનડીકેટ સભ્ય ડૉ હીતૅષભાઈ ચૌધરીને તેમજ કોલૅજમા પ્રિન્સીપાલ યોગેશ ડબગરને આવૅદનપત્ર આપીને માગ કરવામાં આવી હતી. આ પ્રસંગે બનાસકાંઠા વિધાર્થી સંગઠનના પ્રમુખ અને પ્રદેશ યુવા ભાજપ કારોબારી સભ્ય જશવંતસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, કોમર્સ કોલેજમાં આંકડાશાસ્ત્ર વિષય વીધાથી ઓના માટે મહતવનૉ વીષય હોય છે. અને ધો ૧૧,૧૨માં આ વીષય સાથે તેઓ પાસ થયેલા હોય છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસા ડેપોમાં બે કર્મીઓ નિવૃત થતાં વિદાયમાન અપાયું



ડીસા

ડીસા એસટી ડેપોના મજૂર મહાજનના બે કર્મચારીઓ તા.૨૯ જૂનના રોજ સામુહિક નિવૃતિ પ્રસંગે વય નિવૃત થતાં તેમને ઉષ્માભેર વિદાયમાન અપાયું હતું.ડીસા નવા એસટી બસ સ્ટેન્ડ ખાતે ડેપો મેનેજર કે.કે.પરમારના અધ્યક્ષસ્થાને વય નિવૃત જેયમલજી ઠાકોર અને મફતલાલ બાવળેચાનો વિદાય સમારંભ યોજાયો હતો. મજૂર મહાજન ડીસા યુનિટ દ્વારા યોજાયેલા આ વિદાય સમારંભ પ્રસંગે પ્રમુખ રફીકભાઈ, ગુજરાત ઉપપ્રમુખ જવાનજી રાજપૂત, તાલેખાન સિંધી, તાલુભા વાઘેલા, બકુભા, પ્રવિણભાઇ પુનડિયા, રાજેન્દ્ર ચાવડા, વિક્રમ ઠાકોર, લાલાભાઈ ચૌધરી, મહેશ ઠાકોર સહિત યુનિયનના કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# ધાનેરાના ફતેપુરા ગામે ગૌચરની જમીનમાં ખોદકામ કરી રસ્તો બનાવ્યાનો આક્ષેપ

### ખેડુતો દ્વારા ધાનેરા મામલતદારને આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરાઈ


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના ફતેપુરા ગામના એક ઈસમે ગૌચરમાં ખોદકામ કરી રસ્તો બનાવ્યો હોવાની ચોંકાવનારી રજુઆત સાથે ગામના ખેડૂતોએ આજે આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરી હતી.ધાનેરા તાલુકાના ફતેપુરા ગામના ખેડૂતોએ આજે ધાનેરાની મામલદાર કચેરીએ ધસી જઇ રજુઆત કરી હતી. ફતેપુરા ગામના ગણેશભાઈ રૂડાભાઈ પટેલ તેમજ તેમના ભાઈઓએ સાથે મળી ગૌચરની જમીનમાં ખોદકામ કરી ફતેપુરા ગામથી પોતાની માલિકીના તબેલા સુધીના રસ્તામાં માટીનું પુરાણ કર્યું છે. જેથી સરકારી ગૌચરમાં સાત ફૂટ જેટલા ઊંડા ખાડા પડી ગયા છે. વળી, આ રસ્તાનું લેવલ જમીન કરતા ઊંચું કરાયું હોઈ ચોમાસામાં વરસાદી પાણી ભરાવાની શકયતા હોઈ ફતેપુરા ગામના ખેડૂતોએ આજે આવેદનપત્ર આપી મામલદાર સમક્ષ રજૂઆત કરી આ મામલે યોગ્ય પગલાં લેવા અરજ ગુજારી હતી. ફતેપુરા ગામે આવેલ સર્વે નંબર ૧૪૭ વાળી જમીનમાં મોટા પ્રમાણમાં બિન અધિકૃત રીતે ખોદકામ કરાયું હોવાના આક્ષેપ પણ ગ્રામજનોએ કર્યા છે.

ધાનેરા તાલુકાના ફતેપુરા ગામના ઈસમોએ બનાવેલ તબેલાના બાંધકામ સંદર્ભે પણ ગ્રામજનોએ આક્ષેપો કરતા જણાવ્યું હતું કે

અનુસંધાન પાના નં.૬

# થરાદમાં ચાર શંકાસ્પદ મહિલા ઝડપાતા ચકચાર


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરના બસસ્ટેશન વિસ્તારમાં હાથમાં કાપડની થેલીઓ સાથે ચાર અજાણી મહિલાઓ શંકાસ્પદ હરકતમાં ફરતી લોકોને જોવા મળી હતી.તેઓ પ્રાથમિક નજરમાં જ પરપ્રાંતીય જણાતી હોઈ તેમની ભાષા સમજવામાં નહી આવતાં તેઓ અત્યારે દેશભરમાં ફેલાઇ રહેલી અફવા પ્રમાણે છોકરાં ઉઠાવી જતી ગેંગની હોવાની વાત પ્રસરતાં પલવારમાં લોકોનું ભારે ટોળું એકઠું થઈ જવા પામ્યું હતું.ટોળાના કોઇ આગેવાનો દ્વારા મહિલાઓની થેલી ચેક કરાતાં તેમાં ગોટે વાળેલાં કપડાં નિકળવા છતાં પણ ટોળાએ ઉશ્કેરણીજનક શબ્દોના પ્રયોગો કરી હોબાળો કરતાં ભારે ઉત્તેજનાનો માહોલ ફેલાવા પામ્યો હતો.

બેકાબુ ટોળાએ હુરીયો બોલાવતાં રેલીની જેમ ચારેય મહિલાઓને બજારમાં ચાલતાં પોલીસ મથકમાં લઈ જવાઇ હતી.જેમ જેમ વાત પ્રસરતી ગઇ તેમ તેમ કુતુહલવશ લોકો ભળતા જતાં પોલીસમથક હેકડેઠઠ મેદનીથી ભરાઈ જવા પામ્યું હતું.પોલીસે મહિલાઓની પુછપરછ કરતાં તેમનાં નામ રંગીલી સુરજમલ કેદાર દેવીપુજક ઉ.વ.૫૦ તથા ગુલીબેન જોઘરાજ સુરજમલ દેવીપુજક બંન્ને રહે.કાચલી તથા દિલખુશ રમેશ માંગીલાલ દેવીપુજક અને ગુલમોર બનવારી માંગીલાલ દેવીપુજક ઉ.વ.૪૦ બંન્ને રહે.કુંજેડ તા.અઠરૂ જી.બારા (રાજસ્થાન) હોવાનું તથા રાણીવાડાથી પેસેન્જર

અનુસંધાન પાના નં.૬

# દાંતીવાડાના પુલ ઉપર શ્વાનને સારવાર આપી બચાવ્યું

પ્રતિનીધિ દાંતીવાડા

દાંતીવાડા પી.એસ.આઈ કોલોની તરફ આવી રહ્યા હતા. ત્યારે અચાનક રોડ ઉપર એક શ્વાન તરફડીયા મારતુ નજરે પડતા પોતે તાત્કાલિક જીવદયાપ્રેમી હિમાલયને ફોન કરતા તાત્કાલિક હિમાલય તેમજ પોલીસ સ્ટાફ સાથે યુનિવર્સિટી કેમ્પસ રહેતા ડૉ.નીરવ પંચાલને ઘટના સ્થળે બોલાવી સારવાર આપવામાં આવેલ. આજુબાજુના લોકોએ જીવદયા પ્રેમીની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.

# તાંણાથી તેરવાડીયા વાસ ઓઢાના રોડના કામમાં ગેરરીતિની ગંધ : લોકોએ કામ અટકાવ્યું

### સરપંચ - ડે.સરપંચ અને આ વિસ્તારના લોકોએ લેખીતમાં કાર્યપાલક ઈજનેરને જાણ કરી


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના તાણા ગ્રામ પંચાયત વિસ્તારમાં સફેદ દુધનો કાળો કારોબાર સવાર - સાંજ ખુલ્લેઆમ ચાલતો હોવા છતાં ફુડ એન્ડ ડ્રગ્સ આરોગ્ય ખાતુ તમાશો જોઈ રહ્યું છે. ત્યાં ગ્રામ પંચાયતના જાગૃત મહિલા સરપંચ ધર્મિષ્ઠાબેન પટેલ તથા ડે.સરપંચ સોનીબેન ઠાકોર તથા તેરવાડીયાવાસ ઓઢા વિસ્તારના લોકોએ આક્ષેપ કર્યા છે કે તાણા ગામથી તેરવાડીયાવાસ ઓઢા સુધીનો એક- દોઢ કિ.મી.ના ડામર રોડમાં વ્યાપક પ્રમાણમાં ગેર- રીતિ કરી અત્યંત નબળી ગુણવત્તાનું કામ કરી રહ્યા છે. જેમાં વિવિધ લેયરમાં યોગ્ય જાડાઈ મુજબ માલ નાખવામાં આવતો નથી. તથા માલમાં ડામરનું પ્રમાણ બિલકુલ નહિવત છે. આ બનતા રોડ પર સામાન્ય હાથ ઘસતાં કપચી અને ગ્રીટ નીકળી જાય છે. રોડના આ તકલાદી કામમાં રજુઆત છતાં કોઈ ફેર ના પડતાં આ વિસ્તારના લોકોએ એક થઈ કામ બંધ કરાવી કાર્યપાલક ઈજનેર માર્ગ મકાન ખાતુ, શિહોરી કાંકરેજને લેખિતમાં ફરિયાદ ફેક્સ અને રજિ.પો. એ.ડી.થી મોકલી આપવાનું જણાવ્યું હતું.

થરા પાલિકા હદની મીરાંમ્બીકા સોસાયટી તાણા તથા તાણા મીરાંમ્બીકા સોસાયટીથી ચામુંડા માતાજી મંદિર સુધી એક કરોડ સાઈઠ લાખના ખર્ચે આરસીસી રોડ બનાવવામાં આવી રહ્યો છે. જેમાં દબાણો હટાવી ફુટપાથ સાથે જો રોડ બને તેવું લોકો ઈચ્છે છે. આ રોડમાં નીતિ - નિયમ વગર અમુક કામ થતું હોવાની લોકો બુમરાડ પાડી રહ્યા છે. ત્યારે મહિલા સરપંચ ધર્મિષ્ઠાબેન પટેલ તથા ડે.સરપંચ સોનીબેન ઠાકોર આ રોડમાં ચાલતી ગેરરીતિના ખુલ્લી પાડી મજબુત રોડ બને ને દબાણ લોકસહકાર લઈ

અનુસંધાન પાના નં.૬

# મુડેઠા નજીક જીપડાલામાં તાડપત્રી નીચે સંતાડી લવાતો વિદેશી દારૂ ઝડપાયો


સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની સુચના તથા નાયબ પો.અધિ.સા. પી.એચ.ચૌધરી દિયોદર વિભાગ દિયોદર તથા સર્કલ પો.ઈન્સ શિહોરીના માર્ગદર્શન હેઠળ ભીલડી પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી/ જુગારની બદી સદંતર નાબુદ કરવાના હેતુથી ભીલડી પો.સ્ટેના પો.સ.ઈ. ડી.આર. પારગી તથા ભીલડી પો.સ્ટે.ના એ.હેડ.કો. નવીનભાઈ હરદાસભાઈ ચૌધરી, અ.હેડ.કો. દિલીપભાઈ જેસંગભાઈ, પો.કો. અરજણભાઈ માનસુંગભાઈ, પો.કો. જયંતિભાઈ પ્રતાપજી, પો.કો. દિલીપભાઈ છગનભાઈ, પો.કો. શૈલેષકુમાર અમૃતલાલ તથા પો.કો.ખુમાભાઈ વાઘાભાઈ વગેરે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.સ.ઈ. ડી.આર.પારગી ભીલડી પો.સ્ટેનાઓને મળેલ હકીકત આધારે વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. ભીલડી ટાઉનના પુલ ઉપર પ્રોહી અંગે નાકાબંદી દરમ્યાન એક પીક-અપ ડાલુ નં.જીજે-૮-વી-૭૩૪૫ આવતા જેની ઉભુ રાખવા ઈશારો કરતા ન ઉભુ રાખતા તેનો પીછો કરી મુડેઠા પાટીયા પાસે ઉભુ રખાવી તપાસ કરતા જેમાં પરપ્રાંતીય દારૂની કુલ પેટીઓ નંગ-૫ તથા બીયર ટીનની પેટીઓ નંગ-૩૧ કુલ દારૂની બોટલો ૧૮૦ એમ.એલ.ની નંગ-૨૪૦ તથા બીયરના ટીન નંગ-૭૪૪ ની કુલ જે કિ.રૂા. ૯૮,૪૦૦/- નો મળી આવ્યો હતો. કિ.રૂા. ૩,૦૦,૦૦૦/- નું જીપડાલુ તથા મીણની મેટીની કિ.૪૦૦/- જે મળી કિ.રૂા. ૩,૯૮,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે અર્જુનલાલ મન્નારામ રામજીજી મોગીયા રહે-રતનપુર તા. રાણીવાડા જી.ઝાલોર(રાજસ્થાન) વાળા વિરૂધ્ધ ધી પ્રોહી એક્ટ કલમ મુજબ ફરિયાદ નોંધી વધુ તપાસ ભીલડી પો.સ્ટે.ના અધિકારી પો.સ.ઈ. ડી.આર.પારગીનાઓ ચલાવી રહ્યા છે.

# થરાદમાં કુંવારિકા માતાજીની ૩૩મી વર્ષગાંઠની રંગેચંગે ઉજવણી

### કુળદેવીના મહોત્સવમાં જૈનસમાજ ઉમટતાં નગરમાં માનવમહેરામણ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

મંગળવારે થરાદ નગરમાં જૈનપરિવારોના કુળદેવી શ્રી કુંવારિકા સરસ્વતી માતાજીની ૩૩મી વર્ષગાંઠની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગમાં સહભાગી બનવા મુળ થરાદના પણ ધંધાર્થે ભારતભરમાં સ્થાયી થયેલ વિવિધ જૈનપરિવારો લકઝરી ગાડીઓ અને પ્રાઈવેટ તથા પોતાનાં વાહનો લઈને ઉમટી પડતાં નગરના રાજમાર્ગો વાહનો અને માનવમહેરામણથી ઉભરાવા પામ્યા હતા. શહેરનો જુનો ગંજબજાર માર્ગ લકઝરી બસોથી ભરાઇ જવા પામ્યો હતો.

થરાદમાં કુળદેવીશ્રી કુંવારિકા સરસ્વતી માતાજીની ૩૩મી વર્ષગાંઠ નિમિત્તે શહેરના જેઠીબા ભવનથી આંબલીશેરીમાં આવેલા માતાજીના નિજમંદીર સુધી ઉંટલારીમાં શણગારેલા રથમાં ઢોલ અને નૃત્યમંડળીના નાચગાન સાથે માતાજીની ભવ્ય શોભાયાત્રા યોજાઇ હતી. યાત્રામાં અદાણી, વોરા, રાતિયાણી, જોટા અને મોદી સહિત પરિવારો બહોળી સંખ્યામાં જોડાયા હતા.નગરના અગ્રણી વેપારી નરેશભાઇ અદાણીએ જણાવ્યું હતું કે સવારના શુભમુહર્તે માતાજીના નિજ મંદીરમાં ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. મહોત્સવને લઈને શેરીના પ્રવેશદ્વાર તથા માતાજીના નિજમંદીર પરિસરને આસોપાલવનાં હારતોરા અને ઝાકમઝોળ રોશનીથી

અનુસંધાન પાના નં.૬

# ડીસાના વિઠોદર નજીક વિદેશી દારૂ ભરેલ ગાડી ઝડપાઈ



ડીસા

ડીસાના વિઠોદર પાસેથી વિદેશી દારૂ ભરેલ ગાડી પસાર થતી હોવાની અંગત બાતમીના આધારે એલસીબી પોલસ મથકના સ્ટાફે રેડ કરી હતી.બાતમીદાર ગાડી માંથી ૧ લાખ ઉપરાંતનો વિદેશી દારૂ મળી આવ્યો હતો પોલીસે ચાર લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે બે લોકોની અટકાયત કરી લીધી હતી

ડીસા વિઠોદર ચાર રસ્તા પાસેથી વિદેશી દારૂ ભરેલ એક ગાડી પસાર થતી હોવાની બાતમીના આધારે જિલ્લા એલસીબીએ માર્ગ કોર્ડન કરી લીધો હતો. આ દરમિયાન બાતમીદાર ગાડી નંબર ( પ્દ્ભ ૧૨ ઝ્રષ્ટ ૨૯૧૧) પસાર થતાં તેને રોકી તલાસી લીધી હતી દરમિયાન ગાડીમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારુની ૩૪૧ બોટલો મળી આવી હતી પોલીસે ૧,૦૨,૮૦૦ નો વિદેશી દારૂ સાથે ૪,૦૩,૮૦૦ નો મુદ્દમાલ મળી આવ્યો હતો.ઉપરાંત ગાડીમાં સવાર માવજીભાઈ બાબુભાઇ રબારી રહે પાલ રાણીવાડા તથા કરશનભાઈ ગુજાભાઈ રબારી રહે વાસણ તા.ધાનેરાની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# જગાણા ખાતે પુસ્તક વિમોચન અને ડાયટના પ્રાચાર્યનો વિદાય સમારંભ યોજાયો



પાલનપુર

પાલનપુર તાલુકાના જગાણા મુકામે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વિચારનું વાવેતર પુસ્તકનો વિમોચન સમારોહ અને ડાયટના પ્રાચાર્ય ડૉ.જી.એન. ચૌધરીનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં આપણી શાળા અનુપમ શાળા ડી.વી.ડી.નું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જીસીઈઆરટીના નિયામક ડૉ.ટી.એસ.જોષીએ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે પ્રાચાર્ય ડૉ.ચૌધરીના શિક્ષણના વિચારોને અમલી બનાવી તેને આગળ ધપાવીએ. તેમણે કહ્યું કે ડૉ.ગણેશભાઇ ચૌધરી પાસે લોકો સાથે જોડાવાની ગજબની શક્તિ છે. તે શક્તિનો લાભ શિક્ષણ જગત અને સમાજને મળ્યો છે જેના ખુબ સારા પરિણામો પણ મળ્યાં છે. આ પ્રસંગે નિવૃત્ત પ્રાચાર્ય ડૉ.જી.એન.ચૌધરીએ પોતાના શૈક્ષણિક અનુભવો દ્વારા ઉન્નત વિચારો થકી આવતીકાલનું ઉજ્જવળ ભવિષ્યે તૈયાર કરવા શિક્ષકોને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની રચના કરવામાં આવેલી છે ત્યારે આપણે પણ એવું કામ કરીએ કે વાલીઓ

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકા જાગીરદાર રાજપૂત સમાજ દ્વારા બનાસકાંઠા જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેનનું શાલ ઓઢાડી સન્માન


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકા જાગીરદાર રાજપૂત સમાજ દ્વારા બનાસકાંઠા જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેનનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

શિહોરી ખાતે ગાય માતાજી મંદિરમાં કાંકરેજ તાલુકા જાગીરદાર રાજપૂત સમાજની ચિંતન બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં કંબોઈ જિલ્લા પંચાયત બેઠક પરથી કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટણી લડીને જંગી મતોથી વિજય હાસીલ કરેલો અને બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં તેમને મહત્વની જવાબદારી સોંપેલ જે બનાસકાંઠા જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન ગોપાળસિંહ સોલંકીનું અને ઉણ જિલ્લા પંચાયત સીટ પર કોંગ્રેસ પક્ષમાંથી વિજય થયેલ પુરણસિંહ વાઘેલાનું કાંકરેજ જાગીરદાર રાજપૂત સમાજે શાલ ઓઢાડી સન્માનિત કારેલ આ પ્રસંગે કીર્તિસિંહ વાઘેલા ધારાસભ્ય કાંકરેજ, ભરતસિંહ ભટેસરિયા, મહામંત્રી બ.ઠા. જિલ્લા ભાજપ, મફાજી સોલંકી, મંત્રી કાંકરેજ જાગીરદાર રાજપૂત કેળવણી મંડળ.વિનુભા સોલંકી, પ્રમુખ અખિલ ગુજરાત રાજપૂત સમાજ

અનુસંધાન પાના નં.૬

# થરાદ પાલિકાના કર્મચારીનો વિદાય સમારોહ યોજાયો


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરપાલીકા ત્રણ દસકાથી ફરજ બજાવતા ઓખાજી રાજપુત વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ યોજાયો હતો.જેમાં રાજપૂત સમાજ પ્રગતિ મંડળના પ્રમુખ ડી ડી. રાજપુત, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પથુભાઇ રાજપૂત,પાલિકાના પ્રમુખ લવજીભાઇ વાણીયા, ઉપ પ્રમુખ ચોથાભાઈ રબારી ,રાજપુત સમાજના અગ્રણી પથુસિંહ રાજપુત સહિત નગરપાલીકા ના કર્મચારીઓ અને શુભેચ્છકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ઓખાભાઇને સાલ ,શ્રીફળ, સાકર અને મોમેંટો સાથે શેષ જીવન નિરોગી અને દિર્ઘાયુની કામનાઓ સાથે વિદાય આપાઇ હતી. આ વિદાયમાં સમારોહમાં ઓભાભાઈનો પરિવાર પણ ઉપસ્થિત રહ્યો હતો.

# થરાદ એસટી ડેપોના કર્મચારીઓનો વિદાય સમારોહ યોજાયો


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

શનિવારે થરાદ ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓનો વિદાય સમારોહ યોજાયો હતો.આ પ્રસંગે ડેપોના બહોળી સંખ્યામાં કર્મચારીઓએ ઉપસ્થિત રહીને ડ્રાઈવર રઘુભાઇ સાધુ તથા જયંતિભાઇ તથા ખોડાભાઇ તથા ટ્રાફીક કંટ્રોલર ગોવિંદભાઇ નાઇ તથા કંડકટર યાદવને વિદાય આપી હતી. આ પ્રસંગે મજૂર મહાજનના આગેવાનોમાં તેજાજી ગોહીલ, વર્ધાજી વેઝીયા, કાજીભાઈ, ઈશ્વરભાઈ સોલંકી, લલીતભાઈ, ભરતભાઈ તેમજ થરાદ ડેપોના તમામ કર્મચારીઓ દ્વારા સોનાની વીંટી,સાલ, પુષ્પગૃચ્છ આપી આ નિવૃત કર્મચારીને ભાવસભર વિદાય આપી હતી. અને આ કર્મચારીઓએ તેમની ફરજ દરમ્યાન થયેલ અનુભવોને વાગોળ્યા હતા.

## તંત્રી સ્થાનેથી ...

**અનાશક્ત મનુષ્ય કર્મ કરવા છતાં પણ તે કર્મબંધનમાં નથી પડતો.**

# કાળા નાણાંના પ્રશ્ને સરકારે ગંભીર બનવું જરૂરી

કોંગ્રેસે સ્વિસ બેંકોમાં ભારતીયોનાં નાણામાં ૫૦ ટકાનો વધારો થવા અંગે સરકારે આપેલા નિવેદનો વિશે ભારે કટાક્ષ કર્યો છે. તાજેતરમાં રાજધાની દિલ્હીમાં કોંગ્રેસે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા એ પહેલાં જે નાણાં 'કાળા' હતા, એટલે ૪ મહિનામાં જ સફેદ થઈ ગયા! મે- ૨૦૧૪ પહેલા સ્વિસ બેન્કોમાં જમા નાણાં કાળાં હતા, ત્યારે મોદી સરકારના ૪૯ મહિનામાં જ સફેદ થઈ ગયા છે. કોંગ્રેસે અરૂણ જેટલી અને પિયુષ ગોએલના નિવેદનોનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે 'બે નાણાંમંત્રી સ્વિસ બેન્ક ખાતાધારકોનો બચાવ કરીને કહે છે કે આ ગેરકાયદે જ્યારે સી.બી.ડી.ટી. કહે છે કે સપ્ટેમ્બર ૨૦૧૯ અગાઉ સ્વિસ બેન્કોના એકાઉન્ટસ અંગે કોઈ માહિતી ઉપલબ્ધ નહિ થાય. વાસ્તવમાં જેટલીએ કહેલું હતું કે સ્વિસ બેન્કોમાં જમા તમામ નાણાં ગેરકાયદે નથી. ૨૦૧૪ થી કાળા નાણાંનો પ્રશ્ન ગંભીરપણે ચર્ચાય છે. છતાં આ બાબતે સરકાર કેમ ગંભીર નથી તે જ સમજાતું નથી. ખુદ સ્વિસ બેન્કનો અહેવાલ કહે છે કે છેલ્લા એક વર્ષમાં સ્વિસ બેંકોમાં ભારતીય નાગરિકો દ્વારા જમા કરાવવામાં આવતી થાપણોમાં ૭ હજાર કરોડ રૂપિયાનો વધારો થયો છે ,જે ગત વર્ષની સરખામણીમાં ૫૦ ટકા જેટલો વધુ છે.

ભાજપ સત્તાસ્થાને આવી તે પહેલા વર્ષ ૨૦૧૩-૧૪ ના વર્ષમાં લાલકૃષ્ણ અડવાણીથી માંડીને નરેન્દ્ર મોદી સુધીના મહાનુભાવોએ વિદેશમાં ઘસડાઈ જતાં ભારતીયોના પરસેવાની કમાણીના કાળાં નાણાં બાબતે ભારે કકળાટ કર્યો હતો. એ કાળાં નાણાં પરત લાવીને ભારતીય નાગરિકોમાં વહેંચી દેવાશે, એ કાળું નાણું લાવી પ્રત્યેક ભારતીયોના ખાતામાં ૧૫ લાખ વહેંચી દેવાશે. પરંતુ એક રૂપિયો કોઈ ભારતીયના ખાતામાં જમા થયો નથી.

કાળું નાણું પરત લાવવાની મોદી સરકારની નિયત તદ્દન સાફ છે. એવું સ્વીકારી લઈએ તો પણ સ્વિસ બેંકો સહિત વિદેશી બેન્કોના નિયમો, નીતિરીતિઓ અને વિદેશી સરકારોના કાયદા એવા વિચિત્ર છે કે નિરવ મોદી, લલીત મોદી, મેહુલ ચોક્સી, વિજય માલ્યા વગેરે અલગ અલગ દેશોની નાગરિકતા લઈને બિન્દાસપણે વિદેશોમાં મહાલે છે. છતાં ભારતીય સરકાર તેમનો વાળ વાંકો કરી શકી નથી. દેશની બેંકોમાંથી નાણાં લઈને વિદેશની સફરે નાસી ગયેલા આ મહારથીઓ કાયદાના સકંજામાં આવશે કે કેમ તે એક સવાલ માથાના દુઃખાવા સમ બની રહ્યો છે, બીજી તરફ સ્વિસ બેંક સહિત વિદેશી બેન્કોમાં ભારતીયોના જમા થયેલા કાળા નાણાં પરત લાવવામાં સરકાર નિષ્ફળ નિવડી હોવાનો આક્ષેપ કોંગ્રેસના મહારથીઓ કરી રહ્યા છે. પરંતુ કાળુ નાણું તો કોંગ્રેસની સરકાર હતી ત્યારથી વિદેશી બેન્કોમાં કાળું નાણું જમા હતું. ત્યારે તે વખતે સરકાર કેમ એ નાણાં પરત લાવી ન શકી? મતલબ કે પ્રત્યેક સરકાર ભારતના નાગરિકોને છેતરતી આવી છે છતાં નિષ્ફળ લોકોને મત આપે છે તે જ ભારતીય મતદારોની મોટી ભુલ છે. કાળા નાણાંનો ઈતિહાસ દરિયાની સપાટીને પાર કરી જાય એ રીતનો વિશાળ છે કાળુંનાણું પરત લાવવાની વડાપ્રધાનની નિયત સાફ હતી પરંતુ વહીવટીતંત્રની નિષ્ફળતાએ મોદીની નિયત પર પાણી ફેરવી દીધું છે એ વાત ચોક્કસ છે.

## મહેન્દ્રસિંહ ધોનીએ સાઉન્ડલોજીક સાથે નવી ઈનિંગ શરૂ કરી



સાઉન્ડલોજીક, ઓડિયો અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગમાં સૌથી ઝડપથી વિકસતી બ્રાન્ડ્સ પૈકી એક, ભારતના સૌથી સફળ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીને પાર્ટનર-ઈવેન્જલિસ્ટ તરીકે સામેલ કર્યા છે. જેમ કે, સૌન્દલોજીક નવા બજારોમાં પ્રવેશ કરવા અને માર્કેટ શેર બનાવવા માટે ભારતીય બજારમાં પોતાની ઉપસ્થિતિનું નિર્માણ કરવાનું ઈચ્છે છે, એમએસ ધોની આ સફરના એક અભિન્ન અંગ હશે. "માહી નેતૃત્વ અને આત્મવિશ્વાસના પ્રતીક છે. તેઓ જુસ્સાથી પ્રેરિત છે અને લાખો લોકોને પ્રેરણા આપે છે. સાઉન્ડલોજિકની જેમ, ધોની ભારતીયોની નવી ઉંમરનું પ્રતિનિધિત્વ કરે છે- આત્મવિશ્વાસ, શાંત અને સમજદાર. અમે ગ્રાહકો સાથે અભિનવ અને આકર્ષક સહયોગ સાથે કામ કરવા માટે તત્પર છીએ."સંગીત મને મેદાનમાં અને મેદાનની બહાર પણ વધુ ને વધુ શ્રેષ્ઠ કરવા માટે પ્રેરિત કરે છે, અને સાઉન્ડલોજિકની ઓડિયો પ્રોડક્ટ્સ રેન્જ કરતા વધારે શ્રેષ્ઠ બીજું કાંઈ નથી.સાગર અને ટીમ સાથેની પ્રથમ મીટિંગથી, મને સમજાયું કે આ એક સ્પષ્ટ અને મહત્વાકાંક્ષી રોડમેપ સાથેના યુવાન વ્યાવસાયિકોનો એક સમૂહ છે. હું તેમની સફરનો ભાગ બનવા માટે ઉત્સાહિત છું અને મને ખાતરી છે કે ગ્રાહકો પણ પ્રોડક્ટ વિશે ઉત્સાહી હશે."- માહીએ જણાવ્યું.

સાઉન્ડલોજીકે હાલમાં તેની સંપૂર્ણ સર્વિસ એજન્સી તરીકે પોઈન્ટનાઈઈન લિન્ટાસની નિમણૂક કરી છે.બ્રાન્ડ માટે માર્કેટીંગ રોડમેપ બનાવવા માટે એજન્સી સાઉન્ડલોજીક અને માહી સાથે કામ કરી રહી છે.

આ ભાગીદારીનો હેતુ બ્રાન્ડના લક્ષ્ય પ્રેક્ષકો સાથે જોડાવાનો અને બ્રાન્ડની અપીલ અને કદને મજબૂત બનાવવાનો છે.

**આત્મચિંતન**

## અધ્યાત્મનું સૂક્ષ્મ વિશ્લેષણ

અધ્યાત્મ શું છે ? જીવનનું શીર્ષાસન છે. તમે શું તેને બાજીગીરી સમજો છો કે આ કરી લઈશ. તે કરી લઈશ આમાં એવું કાંઈ નથી પણ તેમાં જીવનની દિશા ઉલટવામાં આવે છે, જીવનને પલટવામાં આવે છે. દુનિયામાં લોકોની વિચારવાની, કરવાની જે રીત છે, આકાંક્ષાઓ છે, ઈચ્છાઓનો જે ઢંગ છે, તેનાથી અધ્યાત્યની પ્રક્રિયા જુદી જ છે. જેને અલગ રીતે કરવી પડે છે.

પૂજા ઉપાસના વિશે, સિદ્ધિ ચમત્કારો વિશે, દેવતાઓના દર્શન વિશે, રિદ્ધિ સિદ્ધિ મેળવવાના વિશે જે જુદા જુદા ખેલ તમે કરો છો, તેમાં ના પડો તો સારૂ છે, કારણ કે તમારે માટે આ બધું અઘરૂ પડશે. તમે પહેલા જ પગથિયા ઉપર ટક્કર ખાઈને ઢળી પડશો. જ્યારે તમને બ્રહ્મચર્યની વાત કરવામાં આવે છે ત્યારે શારીરિક બ્રહ્મચર્ય એટલું આવશ્યક નથી જેટલું માનસિક બ્રહ્મચર્ય જરૂરી છે. તમે હસશો કે અમારાથી શારીરિક બ્રહ્મચર્ય સધાતું નથી પછી માનસિક બ્રહ્મચર્ય વાત જ અલગ છે. ચોવીસ કલાક અમારી આંખો અને દિમાગ દુરાચારમાં લાગેલું રહે છે. જો તમારી તમામ શક્તિઆમાં જ લાગશે તો તમારૂ સહસ્ત્રાર ચક્ર (કુંડલીની જાગરણની અંતિમ અવસ્થા) ક્યાંથી જાગશે ? સહસ્ત્રાર ચક્રમાં લાગનાર બધી શક્તિ આમાં જ લય કરી દેશો, તો પછી તે જાગશે કેવી રીતે ? સહસ્ત્રારને જગાડનાર જે પ્રકાશ છે તે તો તમારી આંખોમાં રસ્તાથી તરંગોના માધ્યમથી નષ્ટ થઈ જાય છે.તેની અંદર જે ગરમી હતી, ઉર્જા હતી તે તો તમે પૂરી કરી દીધી. **ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ભારત રાષ્ટ્રને ખંડિત કરવાના ભયાનક કાવતરો

**હજ્જારો વર્ષ પૂરાણી જગતશ્રેષ્ઠ ભારતીય સંસ્કૃતિ જેઓને આંખનાં કણાની જેમ ખૂંચે છે એવા વિધર્મીઓ અને 'મિશનરીઓ' વિદેશી સહાયથી આ મહાન રાષ્ટ્રને ટૂકડે-ટૂકડામાં વિભાજીત કરવાના ભયાનક કારનામાં ઘડી રહ્યા છે અને ભયંકર કાવતરાંઓને અંજામ આપી રહ્યા છેઃ તામિલનાડુની 'વેદાંત સ્ટરલાઈટ પ્લાન્ટ'ની હિંસક ઘટના આ હકીકતનો નાદર નમૂનો છે**

**રાજકારણના રંગ**
**મહેશ દોશી**

જગતશ્રેષ્ઠ ભારતીય સંસ્કૃતિને છિન્નભિન્ન કરી નાખવાના હીન પ્રયાસો સદીઓથી થતા રહ્યા છે. ભારત રાષ્ટ્ર પર વિદેશી આક્રમણોનો ઈતિહાસ ૨૩૦૦ વર્ષથી વધુ પૂરાણો છે. ઈસ્વીસન પૂર્વે ૩૨૬માં યવનોએ ભારત પર આક્રમણ કર્યું હતું. ત્યારથી અત્યાર સુધીમાં પહલાવા, કુશાણ, હૂણ, આરબ, ગઝની, ઘોરી, તૂર્ક, મોગલ, પર્શિયન, દુરાની, પોર્ટુગીઝ અને અંગ્રેજ એમ અનેક વિદેશીઓ અને વિધર્મીઓએ આ દેશ પર ચઢાઈ કરી છે. તેઓએ આપણા દેશને મનફાવે તેમ લૂંટ્યો એટલું જ નહી, નિર્મમ, નૃશંસ હત્યાકાંડો, નરસંહાર આચરીને કરોડો નિર્દોષ ભારતીયોના લોહી વહાવ્યા. ભારતીય પ્રદેશો પચાવી પાડીને, સત્તા બથાવી લઈને સદીઓ સુધી તેઓએ રાક્ષસી શાસન કર્યું અને ભારતીય સંસ્કૃતિનું નિકંદન કાઢવાના, વટલાવવાના અત્યંત ધ્રુણાસ્પદ પ્રયાસો પણ કર્યા. આધુનિક ભારતની સંખ્યાબંધ સમસ્યાઓ પણ આ વિદેશી આક્રમણખોરોની દેન છે.

સદનસીબે, ભારતીય સંસ્કૃત્તિના મૂળ એટલાં ઊંડાં છે કે વિધર્મીઓના ભયાનક આક્રમણો પછી પણ તે જબરદસ્ત રીતે ટકી રહી છે અને દુનિયા આખીને પ્રેરિત કરતી રહી છે. પરંતુ, ભારત, હિન્દુ પ્રજા, તેની સંસ્કૃતિ અને પ્રગતિ આજે પણ વિદેશીઓ અને વિધર્મીઓને આંખના કણાની જેમ ખૂંચી રહી છે. આજે તેઓ સીધા આક્રમણ કરી શકે તેમ નથી એટલે આ દેશની અંદર ભયંકર ષડ્યંત્રો રચીને આ દેશનું જુદાજુદા ટૂકડાંઓમાં વિભાજન કરવાના પ્રયાસો કરી રહ્યા છે. દેશભરમાં વટાળ પ્રવૃત્તિ આચરી રહ્યા છે. નાત, જાત, કોમ, ભાષા અને ધાર્મિક આસ્થાનું વૈવિધ્ય ધરાવતાં આ દેશમાં જાતિવાદનું ઝેર ઘોળીને વર્ગવિગ્રહ સર્જાય એવા કાવતરાં તેઓ કરી રહ્યા છે. હિંદુ પ્રજા અને હિંદુ સંસ્કૃતિ પર આરોપો મૂકવાની અને તેને બદનામ કરવાની નાનામાં નાની તક પણ જતી નહી કરનાર કહેવાતા 'બૌધિકો' તેમજ મહાદંભી અને જુઠ્ઠાડા બિન-સામ્પ્રદાયિકોમાંના મોટાભાગના લોકો હિંદુ હોવા છતાં, કમનસીબે આ વિધર્મીઓના હાથા બની રહ્યા છે.કેન્દ્રમાં ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યું ત્યાર પછી વિધર્મીઓ અત્યંત સક્રિય બન્યા છે અને દેશમાં ભયંકર અરાજકતા સર્જવાના પ્રયાસો આદર્યા છે. કોંગ્રેસે હંમેશા વિધર્મીઓને છાવર્યા છે. તુષ્ટિકરણના દૂધ પાઈને સાપ ઉછેર્યા છે. આ બધા સાપ આજે અજગર બનીને ફૂંફાડા મારી રહ્યાં છે. તેઓનું નિશાન મોદી સરકાર છે. મોદી શાસનમાં તેઓની ઘણી મનમાની બંધ થઈ ગઈ છે. તેઓના સ્થાપિત હિતોને મોદી સરકાર પડકારી રહી છે એટલે, પોતાને 'અનુકૂળ' એવી કોંગ્રેસને ફરીથી સત્તામાં લાવવા માટે તેઓ ટળવળી રહ્યા છે. તાજેતરમાં, ખ્રિસ્તી પાદરીઓએ ૨૦૧૯માં 'નવી' સરકાર રચાય તે માટે ખ્રિસ્તી સમુદાયને 'પ્રાર્થના' કરવાની 'અપીલ' કરી તે વાસ્તવમાં મોદી સરકારને ઉથલાવી નાખવાની હાકલ છે.

હિંદુ સમાજને છાસવારે બદનામ કરતા અને વિરોધ પ્રદર્શિત કરતા પાદરીઓને અરીસામાં મોઢું જોવાની ફરજ પડે તેવા કેટલાંક બનાવો તાજેતરમાં બન્યાં છે. કેરળના 'માલાનકારા ઓર્થોડોક્ષ સિરિયન ચર્ચ'ના આઠ ખ્રિસ્તી પાદરીઓ સામે એક ગૃહિણીની જાતિય સતામણી અને 'બ્લેક-મેઈલીંગ'ના આરોપો મૂકાયા છે. આ મહિલાના પતિ અને બીજી એક વ્યક્તિ વચ્ચેની વાતચીતની ઓડિયો કલીપ સોશિયલ મિડિયા પર 'વાઈરલ' થતાં આ બનાવનો ભાંડાફોડ થયો છે. કેરળના કોટ્ટાયમ જીલ્લાના થીરુવલ્લામાં રહેતા મહિલાના પતિએ ચર્ચને લખેલા એક પત્રમાં જણાવ્યું છે કે, ચર્ચમાં જઈને મહિલાએ પાદરી સમક્ષ કરેલી 'કબૂલાત' (કન્ફેશન)નો દૂરુપયોગ કરીને તેને 'બ્લેકમેઈલ' કરવામાં આવતી હતી. આ પત્રના પગલે ચર્ચે પાંચ પાદરીઓને 'રજા' ઉપર ઉતારી દીધા છે.

"એક પાદરીએ ઉપરોક્ત મહિલાની તેના લગ્ન પૂર્વે જાતિય સતામણી કરી હતી. લગ્ન પછી મહિલાએ બીજા એક પાદરી સમક્ષ તેની કબૂલાત કરી હતી. પાદરીએ તેના પતિને આ વાત કહી દેવાની ધમકી આપીને મહિલાનું યૌન શોષણ કર્યું હતું અને તેના ફોટા પાડી લીધા હતા. એ પછી 'બ્લેક-મેઈલીંગ' કરીને અવારનવાર દુષ્કૃત્યો કરતો રહ્યો હતો

અને અંતે મહિલાને અન્ય એક પાદરીને હવાલે કરી દીધી હતી. આ રીતે આ સેક્સકાંડમાં દિલ્હીના એક પાદરી સહિત આઠ પાદરી સંડોવાયેલા છે." તેમ પત્રમાં જણાવાયું છે. મહિલાના પતિ પર આ ફરિયાદ પાછી ખેંચી લેવા ચર્ચની અંદરના મહાનુભાવો દ્વારા ખુબ દબાણ કરવામાં આવી રહ્યું છે.

આવા બીજા એક બનાવમાં કેરળની એક 'નન' દ્વારા જલંધરના એક પાદરી સામે બળાત્કારની ફોજદારી ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ઘટનાની વિચિત્રતા તો એ છે કે, આરોપી પાદરીએ કથુઆ બળાત્કાર અને હત્યાના બનાવ સામે પંજાબમાં વિરોધ પ્રદર્શનની આગેવાની લીધી હતી!

કેરળના કુરુવિલાન્ગડની કોન્વેન્ટ-નિવાસી નને બિશપ ફ્રાન્કો મુલક્કાઈ સામેની ફરિયાદમાં જણાવ્યું છે કે, "મે ૨૦૧૪માં બિશપ ફ્રાન્કોએ એક ગેસ્ટહાઉસમાં તેના પર બળાત્કાર ગુજાર્યો હતો અને પછી અવારનવાર દુષ્કૃત્ય આચરતો રહ્યો હતો." આ બિશપના વડપણ હેઠળના જલંધર ક્ષેત્રની એક સંસ્થામાં પીડિત 'નન' કામ કરતી હતી. તેણે 'સાયરો-મલાબાર કેથોલિક ચર્ચ'માં ફરિયાદ પર કોઈ પગલાં નહીં લેવાતાં આખરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ત્રીજી ઘટના એવી છે જેણે તાજેતરમાં સમગ્ર દેશને હચમચાવી મૂક્યો હતો. વેદાંત ઉદ્યોગ જૂથના તામીલનાડુ ખાતેના સ્ટરલાઈટ કોપર પ્લાન્ટ સામે પ્રદૂષણ ફેલાવવાના મુદ્દે પ્રચંડ આંદોલન થયું અને પોલીસ ગોળીબારમાં ૧૩ દેખાવકારોના મૃત્યુ નીપજ્યા પછી રાજ્ય સરકારે આ મહાકાય કોપર પ્લાન્ટને બંધ કરાવ્યો છે. પ્રદૂષણ મુદ્દે છેલ્લા ૨૧ વર્ષથી 'સ્ટરલાઈટ' સામે શાંત વિરોધ થતો હતો. પરંતુ, તાજેતરમાં થયેલા હિંસક રમખાણોના મૂળમાં ચર્ચ 'મિશનરીઓ'નો હાથ હોવાનો પર્દાફાશ થયો છે. હિંસાખોરી માટે લોકોની ઉશ્કેરણી કરવામાં ચર્ચ, જિહાદી તત્વો તેમજ નકસલવાદીઓ એક જ કૂલડીમાં ગોળ ભાંગ્યો હોવાનું ખૂલ્યું છે.

તપાસનીશ એજન્સીઓના વચગાળાના અહેવાલમાં એવું ખૂલ્યું છે કે, "સ્ટરલાઈટ સામેના રમખાણો માત્ર પ્લાન્ટ બંધ કરાવવા પૂરતાં જ મર્યાદિત નહોતા પરંતુ, ચર્ચ મિશનરીઓની સક્રિય દોરવણી હેઠળ રાષ્ટ્રવિરોધી અને ભાગલાવાદી પરિબળો માટે પોતાના છૂપા બદઈરાદા મજબૂત બનાવવા માટેની તક સમાન હતાં. તેઓએ જ લોકોની ભયંકર હદે ઉશ્કેરણી કરી હતી અને વ્યાપક અસંતોષ ફેલાવ્યો હતો. 'જલ્લીકટ્ટુ' આંદોલન વખતથી જ તેઓ વ્યાપક રમખાણો સર્જાય તે માટે અથાક પ્રયાસો કરી રહ્યા હતા. તેઓનું એકમાત્ર લક્ષ્ય સરકાર સામે લોકો દ્વારા બળવો કરાવવાનું, અરાજકતા ફેલાવવાનું અને દેશને અસ્થિર કરવાનું હતું."

અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, "જ્યારે જ્યારે સરકારે પરિસ્થિતિ થાળે પાડવા માટે આગ ભડકાવનારાઓ સામે બાથ ભીડવાની કોશિશ કરી છે ત્યારે ત્યારે તેઓ અપરાધી કાવતરાખોરોના હાથા બન્યાં છે. 'સ્ટરલાઈટ' સામે વિરોધનું આયોજન કરનાર ડાબેરી આતંકવાદી સંગઠનો, મુસ્લિમ કટ્ટરવાદી સંગઠનો અને તામિલ ભાગલાવાદીઓ પોલીસકર્મીઓ પર હુમલામાં પણ નિરપવાદપણે સંડોવાયેલા હતા. તેઓને મિશનરીઓ તરફથી દોરવણી મળતી હતી. 'જલ્લીકટુ' આંદોલન અને 'આઈપીએલ' વિરોધી આંદોલન દરમિયાન, પોલીસકર્મીઓ પર વ્યાપક હુમલા કરાયા હતાં અને તેની વિડિયો ઉતારીને લોકોમાં અને ખાસ કરીને યુવાવર્ગમાં 'વાઈરલ' કરવામાં આવી હતી. કાશ્મીરમાં આતંકવાદીઓ જે રીતે મીલીટરી સામે ઉશ્કેરણી કરે છે એ જ પદ્ધતિએ તામીલનાડુના હુમલાખોરોને તેમાં 'હિરો' તરીકે દર્શાવાયા હતા.

હુમલાખોરો દ્વારા પોલીસકર્મીઓના પરિવારની વિગતો પણ ફેલાવવામાં આવી હતી અને વેર વાળવા માટે લોકોને ઉશ્કેરવાના પ્રયાસો કરાયા હતા."

અહેવાલ અનુસાર, હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે, તામીલનાડુમાં ઉદ્દભવતા તમામ આંદોલનોમાં આયોજન, અમલ અને માર્ગદર્શન સંપૂર્ણપણે બદઈરાદાયુક્ત અને રાષ્ટ્રવિરોધી હોય છે અને તેને 'મિશનરીઓ' તરફથી તમામ પ્રકારનો સહયોગ આપવામાં આવે છે. એવું પણ બહાર આવ્યું છે કે, વેદાંતમાં મૂડીરોકાણ મુદ્દે ઈંગ્લેન્ડના ચર્ચને વાંધો પડ્યો હતો. એ પછી 'ફોઈલ વેદાંત' (વેદાંતને પરાસ્ત કરો) ઝુંબેશ જગાવવામાં આવી છે.

૨૦૧૨માં, તામીલનાડુના થીરુનેલ્વેલી જીલ્લામાં અણુ ઉર્જા પ્લાન્ટ સામે થયેલા વિરોધમાં પણ વિદેશી હાથ હતો. તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે આ વિષે કહ્યું હતું કે, "થીરુનેલ્વેલી અને થૂટુકુડી જિલ્લાઓમાં આવેલી 'એનજીઓ' (સ્વૈચ્છિક સંસ્થાઓ)ને અમેરિકા અને સ્કેન્ડીનેવિયન દેશોમાંથી નાણાં મળે છે; આ નાણાં મુખ્યત્વે ટુટી-કોરીન ડાયોસીસ એસોસીએશન અને ટુટીકોરીન મલ્ટીપર્પઝ સોશિયલ સર્વિસ સોસાયટી જેવી ચર્ચ આધારિત સંસ્થાઓ મારફત વાપરવામાં આવે છે."

આ સંદર્ભમાં હવે તામીલનાડુની રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારે અત્યંત સખત હાથે કામ લેવું પડશે. દેશદ્રોહી અને રાષ્ટ્રવિરોધી ભાગલાવાદી તત્વોને ખુલ્લા પાડીને આકરી નશ્યત કરવામાં નહી આવે તો ભારતના વધુ એકવખત ભાગલાં પડાવવાના મનસુબામાં વિદેશી તાકાતો અને તેઓની હથેળી પર નાચી રહેલા ઘરઆંગણાના ભાગલાવાદીઓ સફળ થશે. આવાં કાવતરાં દેશના અન્ય ભાગોમાં પણ ઘડવામાં આવી રહ્યાં છે, સાચા રાષ્ટ્રભક્તો માટે હવે ભારતને બચાવવા માટે જાગરણનો સમય આવી ગયો છે. —અસ્તુ.

**-મહેશ દોશી, પૂર્વતંત્રી, 'ફૂલછાબ' ઈ-મેઈલઃ m-doshi @ hot mail. com**

## સહારા આગલા વર્ષમાં નાણાકીય સંકટમાથી બહાર આવી જશે

કાનુની વિવાદમા ફસાયેલ સહારા સમુહે દાવો કર્યો છ કે લાંબા સમયથી ચાલી રહેલ નાણાકીય સંકટમાંથી આગલા વર્ષે બહાર આવી જશે.સમુહે જણાવ્યુ કે તે ઘણા નવા ક્ષેત્રોમાં વ્યવસાય શરુ કરી એક વાર ફરીથી પ્રમુખ ભારતીય ઉધોગ સમુહનો દરજો મેળવી લેશે.

સહારા સમુહે પોતાની નાણાકીય સ્થિતી પર સમાચાર પત્રોમાં આપેલ વિસ્તૃત વિજ્ઞાપનના માધ્યમથી જણાવ્યુ છે કે સહારા સમુહે પુંજી બજાર નિયામક ભારતીય પ્રતિભૂતિ અને વિનિમય બોર્ડ (સેબી) પાસે ૨૦૦૦૦ કરોડ રુપિયાથી વધુ રાશિ જમા કરાવી દીધી છે. સમુહે જણાવ્યુ કે આ રાશિ પર મલનાર વ્યાજ પણ નિયામક પાસે કોઈ પણ પ્રકારના ઉપયોગ વગર જ પડયુ છે. જયારે પાછલા પાચ વર્ષોમાં આમાં નિવેશકો ને માત્ર ૯૧ કરોડ રુપિયા જ આપવામાં આવ્યા છે. સમુહે જણાવ્યુ કે તેને વિશ્વાસ છે કે નિવેશકોના પુનભુગતાન સંબંધી દસ્તાવેજોના સાચાપણા પછી સેબી સહારાના ખાતામાં પડેલા પૈસા પાછા મળી જશે. ૩૧ ડીસેમ્બર ૨૦૧૪ એ કંપનીની દેવુ ૬૨,૧૦૪ કરાડ જયારે તેની સંપતિ , ૧,૭૭,૨૨૯ કરોડ હતી આજે પણ આ આકડાઓમાં કોઈ ખાસ ફરક પડયો નતી. સહારા સમુહનુ કહેવુ છે કે તેણે ૨૦૧૨માં જ બધા દસ્તાવેજો સેબીને આપી દીધા છે જેમા તેના દ્વારા કરવામાં આવેલ ભુગતાન થી જોડાયેલ બીલ , રસીદ, બોંન્ડ પત્ર , અને પરિપકવતા સાતે જોડાયેલ બીજી રસીદોન પણ સમાવેશ છે.

## ઈન્દિરા દાસપર અનુ મલિકનું ધ્યાન છે



ટેલીવિઝન પર સૌથી વધુ પ્રતિભાશાળી સિંગિંગ રિયાલિટી શોમાંનો એક, 'ઈન્ડિયન આઈડલ ૧૦' સોની એન્ટર ટેઈનમેન્ટ ટેલિવિઝન પર પ્રિમીયર માટે તૈયાર છે. સિંગિંગ રિયાલિટી શોએ૯ સીઝનથી ટેલિવિઝન લેન્ડસ્કેપને રાષ્ટ્રીય પ્લેટફોર્મ પર બિનઅનુભવી પ્રતિભા આપીને તેમનેસિંગિંગ સેન્સેશન બનાવ્યા છે. આ શો ૩નિર્ણાયકો - અનુ મલિક, નેહા કક્કર અને વિશાલ ડદલાનીના માનનીય પેનલ સાથે પેઢીના આગામી ગાયક પ્રતિભા શોધવાદેશના જુદા જુદા શહેરોમાં પહોંચ્યોહતો.હજારો અદ્ભુત અવાજોમાંથી, એવાશ્રેષ્ઠ લોકો છે કે જેઓ નિર્ણાયકોની સાથે ગાઈ શકે છે અને સપનાના શહેર-મુંબઈમાં તેમનો માર્ગ કરી શકે છે.અનુ મલિકે સ્પર્ધકોને હંમેશાં રાગાસ, ટેમ્પો, વૉઈસ મોડ્યુલેશન વગેરે અંગે સારું બનવા માટે પ્રોત્સાહિત કર્યું છે. મોનાલી ઠાકુર પછી, ફરી એકવાર ઈન્ડિયન આઈડલમાં, અનુ મલિકે એક સ્પર્ધકનેસ્ટુડિયોમાં તેમની સાથે ગાવા માટેની તક આપી. કોલકાતાના સૌથી નાના ઉમેદવાર ઈન્દિરા દાસે નિર્ણાયકોને પ્રભાવિત કર્યા હતા, પરંતુ અનુ મલિકે તેમને સૌથી વધુ પસંદ કર્યા હતા. ઈન્દિરા ૬૦ લોકોના પરિવાર સાથે રહે છે અને શાસ્ત્રીય સંગીતને પસંદ કરે છે અને અનુ મલિકે તેમના પરિવારનેપ્રેમપૂર્વક'દાસ કા દમ' કહ્યું, કારણ કે તેમની માતા પણ એક ગાયક છે. 'ઈન્ડિયન આઈડલ ૧૦'દર શનિવાર અને રવિવાર રાત્રે ૮ વાગ્યે,૭ જુલાઈ, ૨૦૧૮ ના પ્રીમિયર થાય છે માત્રસોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર!

## મેન્ટોર ઓમંગ કુમાર ઝી ટીવીના ઈન્ડિયાસ બેસ્ટ ડ્રામેબાઝમાં કઠપુતળીવાળા બન્યા



બાળકોના ઝી ટીવીના અત્યંત પ્રસિદ્ધ અને પ્રખ્યાત અભિનય રિયાલિટી શો 'ઈન્ડિયાસ બેસ્ટ ડ્રામેબાઝ સિઝન ૩ એ ૩૦મી જૂન રાત્રે ૯ વાગ્યે પ્રિમિયર થવા માટે તૈયાર છે. શોની આગામી સિઝનમાં ઘણા બાળ કલાકારોની પ્રતિભાને વિશિષ્ટ કોતરીને ઉભરતા બાળ કલાકારોને મનોરંજન ઉદ્યોગમાં પોતાનું સ્થાન બનાવવામાં મદદ કરી છે. આ સિઝનમાં ખૂબ જ મસ્તીની સાથે નૌટંકી બચ્ચે મેન્ટોર વિવેક ઓબોરોય, સોનાલી બેન્દ્રે અને ઓમંગ કુમારની પાસેથી તૈયાર થઈ રહ્યા છે, જેનાથી તેઓ દર્શકોને અત્યાર સુધી ક્યારેય નહીં જોયેલું મનોરંજન અને ખરેખર પ્રભાવશાળી પર્ફોર્મન્સ આપી શકે.ઈન્ડિયાસ બેસ્ટ ડ્રામેબાઝના એપિસોડના ઓડીશન દરમિયાન સમગ્ર દેશમાંથી આવેલા છોટા પેકેજે તેમની પ્રતિભામાં તેમની અદ્દભુત અભિનય પ્રતિભા અને જજોને તથા દર્શકોને પણ આશ્ચર્યમાં નાખી દેશે. આશ્ચર્ય અનુભવો અને આ બધી મસ્તીભર્યા ક્ષણો તથા અદ્દભુત પર્ફોર્મન્સીસને જોવા માટે જોતા રહો, ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ સિઝન ૩, શરૂ થઈ રહ્યો છે, દર શનિવાર- રવાર રાત્રે ૯ વાગ્યે ફક્ત ઝી ટીવી પર

## નોવા આઈવીઆઈ ફર્ટિલિટીએ ભારતમાં આઈવીએફ મારફતે ૨૦,૦૦૦ સફળ પ્રેગનન્સીની ઉજવણી કરી

ભારતની અગ્રણી આઈવીએફ ક્લિનિક્સ ચેઈન નોવા આઈવીઆઈ ફર્ટિલિટીએ આજે ભારતમાં ૨૦,૦૦ ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (આઈવીએફ) પ્રેગનન્સી કરાવવાની સફળતાની ઉજવણી કરી હતી. આ સીમાચિહ્નરૂપ સફળતાએ ભારતમાં હજારો વંધ્ય દંપતિઓનું માતાપિતા બનવાનું સ્વપ્ન સાકાર કર્યું છે. સમગ્ર દેશમાં ૨૦ કેન્દ્રો સાથે નોવા આઈવીઆઈ ફર્ટિલિટીએ વૈશ્વિક સ્તરની સારવારનો વિકલ્પ આપ્યો છે. નોવા આઈવીઆઈ ફર્ટિલિટી ભારતમાં ફર્ટિલિટી ક્ષેત્રમાં સૌથી મોટાં સર્વિસ પ્રોવાઈડર્સમાંની એક છે. "નોવાની ૨૦,૦૦૦ આઈવીએફ પ્રેગનન્સીની ઉજવણી કરવાની અતિ ખુશી અને સંતોષ છે. અત્યારે ભારતમાં વંધ્ય દંપતિઓનું સમસ્યા અતિ ગંભીર છે અને તેમાં વંધ્યત્વની સારવાર વિશે જાણકારી ધરાવતાં દંપતિઓની સંખ્યા ઓછી છે. ભારતમાં વંધ્યત્વનાં નિદાન અને સારવારમાં જાગૃતિ, સુલભતા અને આ સારવારમાં વાજબી ખર્ચ મુખ્ય અવરોધક પરિબળો છે. નોવા ફેમિલી દેશભરમાં ૨૦ સેન્ટર ધરાવે છે, જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સારસંભાળ અને સેવા પ્રદાન કરીને વંધ્ય દંપતિઓને માતાપિતા બનવામાં મદદ કરવાની તથા ઈનફર્ટિલિટી સારવારની પ્રક્રિયા સરળ બનાવીએ છીએ. અમને અમારાં દંપતિઓની સફર અદભૂત અને યાદગાર બનાવવાની ખુશી છે. અમને નોવામાં સારવાર મેળવીને બાળકનાં માતાપિતા બનવાની ખુશી સાથે દંપતિઓને વિદાય લેતાં જોવાનો આનંદ છે." ભારતમાં વંધ્યત્વની વયજૂથમાં અંદાજે ૨૭થી ૩૦ મિલિયન દંપતિઓ છે, જેઓ કુદરતી કે સ્વાભાવિક રીતે માતાપિતા બનવા

**લઘુકથા**

## ચંદુલાલનું કેશકલા સલૂન

મંજુભાઈ ચંદુલાલના કેશકલા સલૂનની ખુરશી પર બેઠા અને ચંદુલાલે એમના ગળે ફરતું એક કપડું કસીને બાંધ્યું. કસીને બંધાયેલા કપડાંની ભીનાશે મંજુભાઈને જાણે દઝાડ્યા. આ તો કોઈના પરસેવાની ભીનાશને ! શેં સહી જાય ? મંજુભાઈ બરાબર અકળાયા. પણ ખુરશીમાંથી ઉભા થઈ જઈને ભાગી શક્યા નહીં.

વાળની કાપણી પછી ગરદન પરના રહ્યા વાળને સાફ કરી રહેલો અસ્ત્રો એકાએક અટકી ગયો એટલે મંજુભાઈએ ઉંચે જોયું. અસ્ત્રો ખુરશીને અડકીને ઉભેલા કોઈ ગોબરા માણસના વાસ મારતા બગલમાં ફરી રહ્યો હતો. મંજુભાઈના શરીરમાં એક ધ્રુજારી ફરી વળી. એમણે આંખો મીંચી દીધી.

નહીં શહેર, નહીં નગર એક મોટું ગામડું, શહેર અને નગરનો એના પર પ્રભાવ ગામથી આકર્ષાઈને કરાંચીથી આવેલો એક કંદોઈ પણ અહીં વસેલો પણ ગામમાં વાળ કાપવા માટેની શોપ ગણીને ત્રણ એ ત્રણમાં સારી ગણાતી તે ચંદુલાલની આ 'કેશકલા સલૂન.' શહેરનું કોઈ પાટિયું વાંચીને ચંદુલાલ આ નામ લઈ આવેલા, પણ અંદરની સજાવટ શહેરની નહીં.

ફરી આ શોપમાં પગ નહીં દેવાનું વિચારીને મંજુભાઈ પગથિયાં ઉતર્યા. પણ મહિનો વીતતાં વાળ કપાવવાની સમસ્યા સામે આવીને ઉભી રહી. એ સમસ્યા સાથે પેલો ગોબરો માણસ અને એની વાસ મારતી બગલ ! આજનું મોત કાલ ઉપર ઠેલાતા હોય એમ મંજુભાઈ દિવસો વીતાવતા હતા ખરા, પણ દિવાળી નજીક આવી રહી હતી. આકસ્મિક રીતે જ એમને સમસ્યાનો ઉકેલ મળી ગયો.

એક સવારે પત્નીને મેંદો, દૂધ, ઘી, ખાંડ વગેરે એકઠું કરતાં જોઈ મંજુભાઈએ પુછ્યુંઃ 'આ શું કરો છો ?'

'દિવાળ આવે છે. બિસ્કીટ નહીં પડાવવા પડે ? આ બધું કંદોઈને ત્યાં લઈ જાઉ છું.

મંજુભાઈના ચિત્તનું એક દ્વાર ખૂલી ગયું. પ્નીના ગયા પછી એક થેલી લઈને બજાર તરફ નીકળ્યા બજારમાંથી એમણે એક મીટર કાપડ, એક રેઝર, એક કાતર, શોવિંગ ક્રીમની એક ટ્યૂબ, બે કાંસકા વગેરે ખરીદીને થેલીમાં નાખ્યાં. ઘેર જતાં માર્ગમાં 'કેશકલા સલૂન' આવતું હતું. ઉત્સાહના આવેગમાં એ સલૂનના પગથિયા ચઢ્યા અને થેલી ચંદુલાલ તરફ ધરતાં કહ્યું. 'હવેથી મારા માટે આ હથિયાર વાપરવાના છે.'

ચંદેલાલે થેલીમાં જોયું અને કહ્યુંઃ 'આ ન ચાલે.'

'રેઝરની કવોલિટી તો જુઓ..'

'ન ચાલે, મંજુભાઈ.'

'વાપરતી વખતે લોહીના મોતિયા ફૂટે એમાં તમારાં જૂના હથિયાર ચાલે, અને આ ન ચાલે ?'

'ધંધાની રીત તમે ન સમજો. મંજુભાઈ, અમારા હાથ ભારે, મારે આ સાધન વાપરવામાં બહુ કાળજી રાખવી પડે. અમારાં તો જેમ ઘસડીએ તેમ ચાલે.'

'એટલે તમે આનો ઉપયોગ નહીં કરો ?'

'ના.'

મંજુભાઈ ગુસ્સામાં પગથિયાં ઉતરી ગયા.

ઘેર પહોંચ્યાં ત્યારે પત્ની દરવાજામાં ઉભાં હતાં.. મંજુભાઈને થેલી સાથે જોઈને એ બોલ્યા : 'આજનો સૂરજ પશ્ચિમમાં ઉગ્યો જણાય છે, રોજ રોજ યાદ કરાવવા છતાં નહી ને, આજે મંગાવેલી વસ્તુઓ વગર યાદ કર્યે લઈ આવ્યા !'

થેલી સંતાડવાનો કોઈ જોગ નહોતો. પત્નીએ મંજુભાઈના હાથમાંથી ઝૂંટવી લીધી.

અને મંજુભાઈ મત્સ્યની ચપળતાથી ઘરમાં ઘૂસી ગયા.

**મોહનલાલ પટેલ**

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભક્તિને લગતાં સાહિત્યનાં અજવાળાં...

# સુવાક્યો

કાર્ય માટેની સફળતાનું રહસ્ય કાર્ય કરનારની નિષ્ઠામાં છુપાયેલું હોય છે.
રાજપુરોહિતોને રાજાના કરેલા પાપના ફળ ભોગવવા પડે છે.
કીર્તિ એ કરેલા સદ્કાર્યોની સુગંધ છે.
કોયલ જ વસંતના ગુણોને જાણે છે, કાગડો નહીં.
લોભને ધન વડે વશમાં કરી શકાય છે.
જે જેવી ભાવના રાખશે તેવો જ તે થશે.
અજ્ઞાન એ સર્વ પાપો અને દુઃખોનું મૂળ છે.
સાચો સંતોષ એ જ ખરો ત્યાગ છે.



**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## માયા મુઈ ન મન મુઆ મરિ મરિ ગયા શરીર

સંત સમ્રાટ કબીર આત્મા, મન અને બુધ્ધિનો ભેદ પાડતા અનેક પદો દ્વારા આપણને મનની ચંચળતા, બુધ્ધિની બહિર્મુખતા અને આત્માની અમરતાનું જ્ઞાન આપીને આપણને જાગૃત કરે છે.

સાધક જ્યારે મનન, ચિંતન અને સાધના દ્વારા અંદર જવાનો પ્રયત્ન કરે છે ત્યારે સૌથી વધુ વિઘ્નો ઉત્પન્ન કરનારૂં આપણું મન છે તે આ સંસારના પ્રલોભનોમાં ફસાઈને બહિર્મુખી બની ગયું છે. તેથી કબીરજીએ મનને ચોર કહ્યું છે. કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, ધૃણા, દ્વેષ ઉપરાંત અહંકાર, આ બધાં ભેગાં થઈને આપણી આત્મિક પુંજીને લુંટી રહ્યા છે. તેમના પ્રભાવથી આપણે બહિર્મુખ બનીને અર્થહીન કામોમાં આપણો અમૂલ્ય સમય બરબાદ કરી રહ્યા છીએ.

કબીર તો તીર્થો, પહાડો, સરોવરો, પવિત્ર ગણાતી નદીઓ કે આશ્રમો તરફ દોડનારાઓને રોકવા અને સાચો રસ્તો બતાવવા કહે છે.

**મન કે મારે બન ગયે, બન તજિ બસ્તીમાંહિ**
**કહ કબીર કયા કીજીએ, ઈહ મન ઠહરે નાહિં**

મન ચંચળ છે, એક ક્ષણ પુરતું સ્થિર બેસતું નથી. તેથી તેઓ લખે છે કે :

મન મરકટ ભયા (મન માંકડુ ઉછળકુદ કરતું વાંદરૂં) આ સ્થુળ સંસારમાં આવીને મન સ્વતંત્ર રહેતું નથી, વિષયોની વાસનાને લીધે એ ઈંદ્રીયોનું ગુલામ બની ગયું છે.

કામ,ક્રોધ આદિ વિકાર મનનાં અંગ છે. એમને વશ થઈ હંમેશા સારાં ખોટાં કર્મો કર્યા કરે છે.

**'કોટી કરમ પલ મેં કરે, યહ મન વિષયા સ્વાદ'**

મનને ગમે તેટલું સમજાવો તો પણ તે માનવા તૈયાર નથી. માછલીની જેમ એ વિષયરૂપી કાંટાને ગળી જાય છે તેથી માછલી જેમ માછીમારના દોરડે બંધાઈ જાય છે તેમ આ મન જ આપણને કર્મની જાળમાં ખેંચતું રહે છે. મન આત્માને ચોંટી ગયું છે. દરેક જન્મ વખતે જીવ એક નવું શરીર ધારણ કરે છે અને મૃત્યુ વખતે છોડી દે છે પરંતુ મન દરેક અવસ્થામાં આત્માને વળગેલું જ રહે છે તેથી સંત સમ્રાટ કબીરજીએ લખ્યું છે :

**માયા મુઈ ન મન મુઆ, મરિ મરિ ગયા શરીર**

કબીરજી કહે છે કે, એક વાર મન અંદર સ્થિર થઈ જાય પછી એ પોતાની કાગબુધ્ધિને ત્યજીને આંતરિક આનંદનો

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## સિદ્ધિં પ્રાપ્તો યથા બ્રહ્મ તથાપ્નોતિ નિબોધ મે । સમાસેનૈવ કૌન્તેય નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતાનું તત્વજ્ઞાન અત્યંત સ્વાભાવિક અને વ્યવહારલક્ષી છે. કોઈપણ ફળની ઈચ્છાથી થતાં કર્મોનો ત્યાગ તે સંન્યાસ છે. જ્યારે મનુષ્ય અનાસકત, નિઃસ્પૃહ થાય ત્યારે જ સંન્યાસ ભાવથી નૈષ્કર્મ્ય સિદ્ધિને પ્રાપ્ત કરે છે. નૈષ્કર્મ્ય સિદ્ધિને પ્રાપ્ત કરનારો સાધક કેવી રીતે બ્રહ્મને પ્રાપ્ત કરે છે. તે જણાવતાં ભગવાન કહે છે કે:

**સિદ્ધિં પ્રાપ્તો યથા બ્રહ્મ તથાપ્નોતિ નિબોધ મે ।**
**સમાસેનૈવ કૌન્તેય નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા ॥૧૮-૫૦ ॥**

'હે કુંતીપુત્ર (કૌન્તેય) અંતઃકરણની શુધ્ધિરૂપ-સિદ્ધિને નૈષ્કર્મ્ય સિદ્ધિને (સિદ્ધિમ્) પામેલો પ્રાપ્ત થયેલો પુરૂષ (પ્રાપ્તઃ) જે રીતે જેવી રીતે જે પ્રકારે (યથા) બ્રહ્મને-પરમેશ્વરને (બ્રહ્મ) પામે છે-પ્રાપ્ત કરે છે. (આપ્નોતિ) તેવી રીતે તે પ્રકારને (તથા) તું સંક્ષેપમાં-ટુંકમાં (સમાસેન) જ (એવ) મારી પાસેથી (મે) જાણી લે, સમજવાનો પ્રયત્ન કર.'

અંતઃકરણની શુદ્ધિને પ્રાપ્ત થયેલો અધિકારી પુરૂષ કેવા પ્રકાશે શુધ્ધ આત્માનો સાક્ષાત્કાર કરે છે તે બતાવતાં ભગવાન કહે છે કે, હે કૌન્તેય એ પ્રમાણે સિદ્ધિને પામેલો મનુષ્ય જે રીતે બ્રહ્મને પામે છે, જાણેછે તે તું મારી પાસેથી ટુંકમાં સાંભળ.

જે જ્ઞાનની પરાકાષ્ઠા છે આની પહેલાં પણ સિદ્ધિ પ્રાપ્ત થશે તેવું અનેકવાર કહેવામાં આવ્યું છે. આનો અર્થ 'બ્રહ્મ' પ્રાપ્ત થાય છે એમ સમજવાનો છે. કારણ કે પરમ સત્ય જ્ઞાનપૂર્ણ સ્વરૂપે પ્રાપ્ત થાય એ જ બ્રહ્મ પ્રાપ્તિ છે. એટલે કે સિદ્ધિ પ્રાપ્ત થવી બ્રહ્મ પ્રાપ્ત થવું, જ્ઞાન પ્રાપ્ત થવું અર્થાત જ્ઞાની થવું આ બધાનો આશય એક જ છે.

શ્લોકમાં પ્રયોજાયેલ 'સિદ્ધિમ્' પદ એ અંતઃકરણની શુધ્ધિનું નામછે. જેનું વર્ણન આગળના શ્લોક ૪૯ માં 'અસકતબુધ્ધિ' જીતાત્મા અને વિગતસ્પૃહ પદોથી થયેલ છે. જેમનું અંતકરણ એટલું બધું શુધ્ધ થઈ ગયેલું હોય છે કે તેમનામાં સહેજ પણ કોઈપણ પ્રકારની કામના, મમતા કે આસક્તિ રહેતી નથી. એમના માટે તો કોઈપણ વસ્તુ, વ્યક્તિ, પરીસ્થિતિ વગેરેની જરૂર પડતી નથી. એટલે કે એમના માટે કંઈપણ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી. તેથી એને સિદ્ધિ કહે છે. શ્રી શંકરાચાર્ય સિદ્ધિનો અર્થ નૈષ્કર્મ્ય સિદ્ધિ, શ્રી મધુસુદન અંતઃકરણની શુધ્ધિ શ્રી રામાનુજ ધ્યાન સિદ્ધિ અને શ્રી કેશવાનંદ તેનો અર્થ 'પરાભક્તિ' એવો કરે છે. આ પ્રમાણે સ્વકર્મથી ઈશ્વરને પુજીને તેના અનુગ્રહથી પ્રાપ્ત થતી અંતઃકરણની શુધ્ધિને એટલે કે નૈષ્કર્મ્ય સિદ્ધિને પ્રાપ્ત થયેલો અધિકારી પુરૂષ જે પ્રકારે બ્રહ્મને પામે છે. અર્થાત શુધ્ધ આત્માનો સાક્ષાત્કાર કરે છે તે હવે ભગવાન અર્જુનને કહેવાના છે. સાંખ્ય યોગમાં ક્રિયા અને સામગ્રીની પ્રધાનતા નથી પરંતુ તે તત્વને સમજવાની પ્રધાનતા છે. સાંખ્ય યોગીની જે આખરી અંતિમ સ્થિતિ છે. તેનાથી આગળ વધીને સાધકની કોઈ સ્થિતિ હોઈ શકતી નથી. તે જ જ્ઞાનની પરાનિષ્ઠા કહેવાય છે. તે પરાનિષ્ઠાને અર્થાત બ્રહ્મને સાંખ્યયોગની સાધક જે રીતે પ્રાપ્ત થાય છે. તે વાત ભગવાન હવે કરવાના છે. શ્રી શંકરાચાર્યના મતે 'જ્ઞાન માટે પ્રયત્ન કરવો એ કર્તવ્ય નથી' પરંતુ અનાત્મામાં આત્મભાવનું આરોપણ કરનારી બુધ્ધિને પાછી વાળવી એ જ કર્તવ્ય છે.

શ્લોકમાં પ્રયોજાયેલ 'નિબોધ' (જાણી લે- સમજી લે) પદનું તાત્પર્ય પરમતત્વને સમજવા માટે છે. આ અધ્યાયના શ્લોક ૧૩ માં સાંખ્યયોગીના વિષયમાં 'નિબોધ' પદ પ્રયોજાયું છે. જેમાં બધાં કર્મોની સિદ્ધિ માટે સાંખ્ય સિદ્ધાંતમાં પાંચ કારણો ભગવાને પોતાની પાસેથી જાણવા માટે કહ્યું છે. ભગવાન અર્જુનને જણાવી રહ્યા છે કે મનુષ્ય કેવી રીતે પોતાનું કર્તવ્ય, કર્મ પરમેશ્વર, પ્રીત્યર્થે કરીને, માત્ર પોતાના વ્યવસાયિક કાર્યોમાં પરોવાયેલો રહીને પરમ સિદ્ધાવસ્થાને પામી શકે છે.જો મનુષ્ય પોતાનાં કર્મના ફળનો ત્યાગ પરમેશ્વર માટે કરે તો તેને બ્રહ્મની સર્વોપરિ અવસ્થા પ્રાપ્ત થાય છે. આ જ આત્મસાક્ષાત્કારની સાચી રીત છે.

**અધ્યાત્મ** — ૬૧૭ — પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## દીવો પ્રગટે ત્યારથી જ ઓલવાવાની શરૂઆત થઈ જાય છે



આ જગતમાં જન્મેલો માણસ હું..હું..હું.. કરીને તેનો વ્યાપ વધારે જાય છે અને અંતે તેની બાજી સમેટાઈ જાય છે. ધર્મ કરતાં કર્મ મહાન છે પણ જીવનને અતિ દૈદિપ્યમાન બનાવવા માટે સત્કર્મો જરૂરી છે. પ્રતિ વર્ષ જન્મદિવસ કે લગ્નદિવસની હોંશે હોંશે ઉજવણી કરતા આપણે સૌ દિવસે દિવસે કાળના મુખ તરફ પ્રગતિ કરી રહ્યા છીએ. દીવો પ્રગટે ત્યારથી જ ઓલવવાની શરૂઆત થઈ જાય છે. કયારેક દીવામાં ઘી ખલાસ થઈ જાય છે તો કયારેક દીવેટ પોતે જ બળીને પૂર્ણ થઈ જાય છે. દીવામાં ઘી ગમે તેટલું હોય પણ દીવેટની લંબાઈ કે મજબુતાઈનો અંત આવતાં જ દીવો ઓલવાઈ જાય છે. જીવનનું પણ એવું જ છે. આપણે ગમે તેટલો પથારો કરીને બેઠા હોઈએ પણ આત્મારૂપી કે શ્વાસરૂપી દીવેટ પૂર્ણ થઈ જાય એટલે અચાનક જીવનરૂપી દીવો બુઝાઈ જાય છે.

સવારે સૂર્ય ઉગે ત્યાંથી લઈને સાંજે આથમે ત્યાં સુધી જીવનને સાફ કે શુદ્ધ રાખવા માટે સત્કર્મો, સદ્વાંચન, સત્સંગ વિગેરેની ખુબ જ જરૂર પડે છે. આ જગતમાં હું એક જ સારો કે હોંશિયાર એવા અભિમાન કે અહંકારમાંથી બહાર આવીને પ્રભુને ઓળખવાની જરૂર છે. પરમ પિતા પરમાત્માએ આપણને તેના નજીકના પ્રિય કે વ્હાલા ગણીને જે કંઈ સુખ સુવિધાઓ આપી છે તેમાંથી થોડોક સદ્ઉપયોગ કરીને સારા માર્ગે વળવાની અને વાપરવાની જરૂરીયાત છે.

કોઈપણ દેશના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન,અબજોપતિ કે ગમે તેવડા મોટા નગરશેઠ હોય તો પણ તેણે સમય આવ્યે આ દુનિયા છોડવી જ પડે છે. રેલ્વે મુસાફરી માટે દિલ્હી કે હરીદ્વારની ટીકીટ લીધી હોય તો જે તે સ્ટેશન આવતાં જ ઉતરીને પ્લેટફોર્મ ઉપર આવી જવું પડે છે. આપણી સૌની ટીકીટ પણ આ જગતમાં નિર્ધારીત સમય માટે છે .પરમાત્મા કે માતા પિતા આપણને જન્મ આપીને દીવાસ્વરૂપે આપણું આ જગતમાં પ્રાગટય કરે છે. કેટલાક દીવાઓ પ્રગટયા પછી થોડાક જ સમયમાં ઓલવાઈ જાય છે તો કેટલાક દીવા લાંબો સમય સુધી ચાલીને પણ અંતે તો ઓલવાઈ જાય છે. કેટલાક દીવા મર્યાદિત પ્રકાશ આપે છે તો કેટલાક દીવા પોતાની જાત, પરિવાર, સમાજ, રાષ્ટ્ર એમ સૌને પ્રકાશીત કરીને વિદાય લે છે. સદ્વાંચન, સદ્પ્રવૃત્તિ અને સત્સંગ થકી આપણે પણ આપણો દીવો વધારે પ્રકાશ આપે તેવા પ્રયત્નો કરવાના હોય છે.આ દુનિયામાં કરોડો આવ્યા અને કરોડો લોકો ચાલ્યા ગયા પણ એમાંથી માંડ થોડાકની જ સ્મૃતિ આજે લોકોને છે. કાળના પ્રવાહમાં તણાઈ ગયેલા કરોડોની નોંધ લેવાતી નથી. કેટલાક સંતો, કેટલાક રાષ્ટ્રપુરૂષો અને કેટલાક પરોપકારીઓને જ લોકો યાદ કરે છે. બાકી કરોડો માણસોની નોંધ માત્ર મૃત્યુના દાખલામાં જરૂર પુરતી જ લેવાઈ છે. કેટલાકના તો મૃત્યુના દાખલા લેવાવાળું પણ કોઈ હોતું નથી. જેટલો પથારો વધારે પાથરીશું એટલા આપણે પરમાત્માથી દુર જઈશું. પૈસો જીવનમાં જરૂરી છે પરંતુ પૈસાને જ સર્વસ્વ માનીને જીવતા લોકો પરમાત્માથી જોજનો દુર જતા રહે છે. પૈસા કમાવા સહેલા નથી અને કમાયા પછી પણ તેનો સદ્ઉપયોગ કરવાનું સહેલું નથી. બધું જ પ્રાપ્ત કર્યા પછી પરમાર્થ અને પરોપકારી બનવું ખુબ જરૂરી હોય છે. આપણી આજુબાજુ જ છલોછલ ઘીથી ભરેલા અનેક દીવાઓ ઓલવાઈ ગયેલા આપણે જોયા છે.

દીવો, ઘી, દીવેટ એમ ત્રણેયનો સમન્વય કરીને જીવન પ્રકાશમય બને તેવા પ્રયત્નો ખુબ જ જરૂરી છે. સમય અને સંજોગોની થપાટમાં સૌ કોઈ આવી જાય છે પરંતુ જે દીવાએ બીજાને પ્રકાશ આપ્યો હોય તે દીવાને અંધકાર નડતો નથી. દીવો પ્રગટે તે દિવસથી જ ઓલવવાની શરૂઆત થઈ જાય છે એટલે ઓલવાતાં પહેલાં જ વધારે ને વધારે પ્રકાશ પાથરવાનો પ્રયત્ન કરીએ તો પરમાત્માનો રાજીપો આપણા ઉપર નિરંતર રહે છે.

તા.૧૬-૬-૨૦૧૮ શનિવાર અને તા.૧૭-૬-૨૦૧૮ રવિવાર એમ બે દિવસ માટે આનંદ સત્સંગ પરિવાર ડીસાના પંદરમા મણકામાં પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજે દિવ્ય સત્સંગના માધ્યમ દ્વારા સત્સંગમાં ઉપસ્થિત તમામ સત્સંગીઓ, (દિવડાઓ) ને ચેતવ્યા હતા કે એકને એક દિવસ તો આ દીવો ઓલવાઈ જ જવાનો છે તેથી શકય તેટલાં વધુ સત્કર્મો કરીને જીવનને ધન્ય બનાવીએ. ખુબ જ પુણ્યશાળી, નસીબદાર અને ભાગ્યશાળી દીવડાઓને નાની ઉંમરથી જ સદ્ગુરૂ મળી જતાં સત્કર્મો થકી વધારેને વધારે પ્રકાશ ફેલાવવાની ઉજળી તકો પ્રાપ્ત થાય છે અને કેટલાક દીવડાઓ આખી જીંદગી બીજાના જીવનને અંધકારમય બનાવવા મથતા રહે છે અને તેમનું જીવન પણ અંધકારમય બનાવીને આ દુનિયામાંથી વિદાય લે છે.

આપણી સમક્ષ આપણા પૂર્વજો, ધર્મ અને શાસ્ત્રોએ સત્કર્મોનો એક સરસ મજાનો ચીલો કંડારેલો છે. આ માર્ગે ચાલવાનો આપણે થોડો ઘણો પણ પ્રયત્ન કરીશું તો ચોક્કસ આપણું જીવન પણ પ્રકાશય બનશે અને અન્યના જીવનને પણ પ્રકાશમય બનાવી શકીશું. પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજનો દિવ્ય સત્સંગ અનેકજનોના જીવનમાં પ્રકાશ રેલાવી રહ્યો છે ત્યારે આ પ્રકાશનું એક કિરણ આપણા જીવન તરફ પણ ફેલાય તે માટે આવો પૂજ્ય સદંગુરૂદેવને વારંવાર સાંભળીએ.

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## છોડો મહેંદી ભુજા સંભાલ, ખુદ હી અપના શીર બચાલો ! ધુત બિછાયે બૈઠે શકુનિ મસ્તક સબ બિક જાયેંગે !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

સંઘર્ષથી ભરેલી આ જીંદગીમાં દરેક જીવે અસ્તિત્વ ટકાવવા મથામણ તો કરવી જ પડે ને ? ચોક્કસ આ પંક્તિ વાંચ્યા પછી સંઘર્ષ અને મથામણ બંનેની વચ્ચે કંઈક ઘર્ષણ થાય છે ને એટલે જ સુક્ષ્મ જીવથી માંડીને વિશાળકાય જીવ મોટો થાય છે. બાકી તો ક્ષણભંગુર જ છે. આજની ચિંતન રત્નકણીકાની શરૂઆત કેમ આવી રીતે ને આ સંઘર્ષ મથામણને ઘર્ષણથી કરીને ચિંતનશીલ બૌધ્ધિક વાચકોને ચોક્કસ થશે. દિવ્ય જયોતની ચિંતન રત્નકણીકા વાંચ્યા પછી કેટલાક વાચકોનો ફોન આવે છે ને કેટલાક રૂબરૂ મળે તો કંઈક શબ્દોથી ચિંતન કરાવી જાય છે ને છેવટે એ પાછું તમારી સમક્ષ ચિંતન થકી જ આવે છે. કયાં આપણે સાચા કયાં ખોટા ને ખરેખર જીવનમાં બધું જ એ જ રફતારથી સંઘર્ષ, મથામણમાં જ ચાલે છે પરંતુ કયાંક સાચું મથામણ રાષ્ટ્ર, સમાજના હીતમાં થાય તે પણ જરૂરી છે. આપણે નિઃસ્વાર્થ ભાવે કયાંકને કયાંક એક ખિસકોલીરૂપ પ્રયત્નકરીએ ને તેના થકી જે ઈચ્છીએ છીએ તેવી જાગૃતિની જયોત પ્રગટતી જોવા મળે. ગતાંકમાં સાંસદ મનસુખ વસાવા રાજયમંત્રી પરબતભાઈ પટેલ કે વીભાવરીબેન દવેના સુચાર્થ શબ્દો ગમ્યા હોય ને તેને આપણે દિવ્યજયોતની ચિંતન રત્નકણીકાનો મણકો બનાવ્યો હોય. સત્યમાં ઈશ્વર, પ્રભુ, અલ્લાહ, રબ, પરવર દિગારના દર્શન ચોક્કસ થાય છે. શિક્ષણ સ્વચ્છતામાં કોઈનો ઈજારો કે પક્ષાપક્ષી ન હોવા જોઈએ. શિક્ષણ સ્વચ્છતા થકી આરોગ્ય જળવાય છે ને સમાજ રાષ્ટ્ર સ્વસ્થ, શાંત સમૃદ્ધ બને છે જે ભુલવું ન જોઈએ. જુનીયર સીનીયર કે.જી.ને પ્રાથમિક શિક્ષણ એ પાયાના ઘડતરનું કામ કરે છે. જુનીયર સીનીયર કેજી અંગ્રેજોની દેન થઈ ગઈ છે પણ આપણું તો બાળક શિશુમંદિર ઉત્તમ શબ્દથી એ કુમળા છોડમાં સુસંસ્કારોનું સિંચન કરીને પ્રાથમિક શાળાના પગથિયે પગરણ કરાવે જે આજે નામ બડે ઔર દર્શન ખોટે જેવી હાલતમાં પહોંચ્યું છે.બાલ-શિશુનું બાળપણ શિશુપણું ખરેખર છીનવાઈ રહ્યું છે એ ઘડતરની ઈંટમાં આજે કયાંક લુણો લાગ્યો છે.કોઈ બોલનાર નથી કયાંક મનસુખ વસાવા રૂપે કોઈ ઉભરી આવે તો તેને દબાવવાનો પ્રયત્ન થાય છે. મારો લેખ વાંચ્યા પછી કેટલાક પ્રાથમિક શિક્ષકો દલીલ કરવા લાગ્યા કે પ્રાથમિક જેવી હાલત માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં છે ને કોલેજોના શિક્ષણમાં હવે કંઈ જ નથી રહ્યું. કોઈ જાતનું મોનીટરીંગ નિરીક્ષણ થતું નથી અને એમની વાત કંઈ કાઢી નાખવા જેવી નથી. શિક્ષણમાં આજે મોનીટરીંગ નિરીક્ષણનો અભાવ ચોક્કસ જોવા મળે છે. તાલુકા-જિલ્લા કક્ષાએથી ચોક્કસ નિરીક્ષણ થવું જોઈએ ને 'સાહેબો' કયાં ? શું કરે છે તેમનું નિરીક્ષણ કરવાવાળું કોઈ નથી. છેવટે ટીપીઓ ડીપીઓ, ડીઈઓ હાથ અધ્ધર કરે અમારૂં કયાં કોઈ ચાલે છે ? અપડાઉન ટયુશન, ગુલ્લીબાજી આખા રાજયમાં ઉધઈની જેમ ફેલાઈ છે. કંઈ કરી શકાતું નથી. બોલો હવે શું થાય ? પ્રાથમિક હોય કે માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક જ્યાં વાડ જ ચીભડાં ગળતી હોય ત્યાં કોણ કોને કહે ? શ્રેષ્ઠ શિક્ષક આચાર્યનો એવોર્ડ બાબતે બધાને કાગળીયાં ભેગા કરીને એવોર્ડ પ્રાપ્ત કરવા છે પણ શિક્ષણમાં કયું મોટું યોગદાન આપ્યું તેની કોઈ તપાસ નહીં. જે શિક્ષણમાં શ્રેષ્ઠ યોગદાન આપે છે તેને એવોર્ડની આશા હોતી નથી. બીજી બાજુ તેને એવોર્ડ મળે પણ નહીં. કારણ કે તે નેતા, અધિકારીઓ સુધીએ કક્ષાએ નથી પહોંચ્યાં જે શિક્ષણને વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યો છે વાત સમજાય તો જ મજા આવશે અને વાચક મિત્રો આ આપણી વાત છે એટલે આપણને તો સમજાશે તેનો કોઈ મિનમેખ નથી. એટલે જ આ કલમ સુંદર રીતે દોડે છે. કયાંક અમારા પ્રુફરીડરો ભુલ કરે તોય તમે એ વાતને બહુ સારી રીતે સમજી જાઓ છો. કારણ કે જે વાત તમારા હૃદયમાં મથામણ સંઘર્ષ કરી રહી છે એ જ મારા હૃદયમાં.. શિક્ષણ આરોગ્ય, સ્વચ્છતા બાબતે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો અભિગમ શ્રેષ્ઠ છે જેને કોઈ નકારી ન શકે પણ છેવટે તો કામ લેવાનું. આ નિષ્ઠુર, જાડી ચામડીના બની ગયેલા ટોળા પાસેથી જ એટલે શ્રેષ્ઠ પરિણામ મળતું નથી. શિક્ષણમાં પ્રાથમિક શિક્ષણ મજબુત બનવું જોઈએ તે માટે સર્વ શિક્ષા અભિયાન થકી કામગીરીને સુંદર વિભાજન કયું તાલીમો કાર્ય પદ્ધતિઓ પાછળ કરોડોની ગ્રાન્ટ વપરાઈ રહી છે પણ આગળ કહ્યા મુજબ બધું જ 'પાણી'માં. કારણ કે સાચી નિષ્ઠા મરી પરવારી છે. શું બોલો ? મોનીટરીંગ માટે પણ કેન્દ્ર રાજય સરકાર દ્વારા શ્રેષ્ઠ પ્રયત્ન થયા છે. જેમાં ઉચ્ચ શિક્ષણ કમીશ્નર, ડીઈઓ, ડીપીઓ, ઈઆઈ એડીઆઈ, ટીપીઓ, બીઆરસી, બીટ કેળવણી નિરીક્ષકો, સીઆરસીઓ, એસએમસીમાં સ્થાનિક લોકો છતાં શિક્ષણમાં થોડો સુધારો આવવાને બદલે કેમ કથળી (બગડી) રહ્યું છે. શું સંકલનનો અભાવ છે ? ફકત સ્વાર્થલક્ષી ઉભા થયેલાં સંગઠનો જવાબદાર છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ખપ પુરતી જ વાત

**શ્રદ્ધા અને સંસ્કાર**

**ગતાંકથી ચાલુ**

એક આંખના પલકારામાં તેને ષોડશી યુવતીનું રૂપ ધારણ કર્યું. તેની દેહલતા પર અનુપમ રૂપવૈભવનો ખડકલો કરી દીધો. સૂર્ય ઉપર આંખ નાખવામાં આવે અને આંખ અંજાઈ જાય તેમ આ કન્યાના રૂપને નીરખીને જોનારની આંખો ત્યાં જ ચોંટી જાય.

વિમલ જે વનનિકુંજમાં વિહરતો હતો તે જ વનનિકુંજમાં પેલી દેવાંગના સંચરવા લાગી. અનેક વખત તેણીએ વિમલનું ધ્યાન કેન્દ્રીત થાય તેવી ચેષ્ટાઓ કરી પણ આ તો પર્વત જેવો અડોલ હતો. વિમલે આ કન્યાની ઉપસ્થિતિની નોંધ પણ ન લીધી. રૂપગર્વિતા આ બાલાના ગર્વ પર આ વજ્રપ્રહાર હતો.હાર્યો જુગારી બમણું રમે, તેમ કન્યાએ પોતાના છેલ્લા પાસા પણ વિમળની સામે નાખી દીધા. બરાબર તે વિમલની સામે જ આવીને ઉભી રહી.

આવનારને જાકારો ન દેવાય તેથી તેને મુખ નહીં મચકોડયું પણ સામે રૂપવતી કન્યા હતી. તેના મુખમાં હાવભાવથી કન્યાના ભાવ તેણે કળી લીધા હતા. એકાંત અને આકર્ષણ હોવાથી કન્યાને વધુ ભાવ તો ન જ આપવો તેવો વિચાર વિમળે પળવારમાં કરી લીધો.

અજાણી અને આકર્ષક સ્ત્રી સાથે ખપપુરતી જ વાત હિતાવહ છે. આવા અનેક સુવિચારો તેના જીવનના ઉપવનમાં સંચરતા હતા. કેટલી અને કેવી વાત ઉચિત છે, તેવો વિચાર કરતો હતો ત્યાં અધીરી બનેલી તે કન્યાએ તેની સાથે વાર્તાલાપ ચાલુ કર્યો, કુમાર ! તમે લાગો છો તો રાજકુમાર પણ એકલા કેમ ? રાજકુમાર તો તેના અનેક મિત્રોથી ઘેરાયેલો હોય અને જો રાજકુમાર નથી તો તમે કોણ છો ? મોહક અને મધુરા શબ્દો વિમલને મોહપાશમાં બાંધવા માટે ઓછા પડયા. તેના પ્રશ્નો ખુબ જ ટુંકો ટચ ઉત્તર તેને આપ્યો, હું રાજકુમાર નથી..'

રણની કાળઝાળ ગરમીમાં પાણી વિના ટળવળતા પથિકને એક ખોબો જળ મળે તો કોઈ સંતોષ ન જ થાય તેમ તરસી બાળા અનેક પ્રશ્નો કરતી જ રહી.

તમે રાજકુમાર નથી એવું માનવા હું તૈયાર નથી તમે 'હું રાજકુમાર નથી' એવું કહીને શા માટે તમારી જાતને છુપાવો છો ? અકારણ બોલાતું અસત્ય ડહાપણ નથી સુચવતું.

વિમલ મૌન જ રહ્યો. વિમલના મૌને તેની ઉત્કંઠાને ઘણી વધારી દીધી. 'કુમાર તમે આ નગરના નિવાસી છો ?' શું તમે આ ઉદ્યાનમાં વારંવાર આવો છો ? તમને એક પ્રશ્ન પુછું ?'

જવાબ મેળવ્યા વગર જ ફરી નવો પ્રશ્ન પુછયો, આટલા બધા પ્રશ્નો માટે ય કોઈ સંમતી લીધી ન હતી. 'તમે ! આ ઉપવનની શોભાને નિહાળી રહ્યા છો, તેમાં તમને સહુથી વધુ સુંદર શું લાગ્યું ?'

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## વીખરતી સમેટાતી જિંદગી

આપણે જીવનમાં સુખ અને શાંતિ માટે સંબંધો ની માયાજાળ ગૂંથી એ છીએ , એ આશાએ કે આવા સંબંધીઓ પાસેથી અને સુખ મળશે પરંતુ એ જ સંબંધો જયારે દુઃખ આપવાના નિમિત્ત બને છે ત્યારે આપણે એવા તો તૂટી જઈએ છીએ જેને કોઈ સમેટી શકાતું પણ નથી, જે દિલ કેટલા પ્યારથી સંભાળીને સંબંધીઓને આપ્યું હોય, એ જ લોકો દિલ ના ટુકડા કરવામાં પહેલો ઘા કરે છે અને બીજાને પણ ઈશારો કરી દુઃખ આપવાનો માર્ગ મોકળો કરે છે. જીવન પણ કંઈક અજબ છે જે નથી મળ્યું હોતું ,ત્યારે તેને મેળવવા માટે પ્રયાસ કરવામાં આવે છે. અને જે મળ્યું હોય છે તેનાથી કંટાળીને છૂટવા માગે છો કેવો અજબ ખેલ ભગવાને રચ્યો છે જેને આપણે સમજી શકતા નથી. જીવનભર આપણે નવા નવા સંબંધો બાંધીને જુઠા દિલાસા પોતાને આપતા રહીએ છીએ ,કે જિંદગીને જંગમાં આપણે એકલા નથી! આપણા સાથીઓ સંબંધીઓ મિત્રો ઘણા બધા છે.જે આપણને ગમે તેવી મુસીબતમાં પણ સાથ આપશે! અને જરૂર પડે ત્યારે ઢાલ પણ બનશે ,એવો જૂથયો ભ્રમ વર્ષો સુધી પાળતા રહીએ છીએ, અને ભ્રમમાં જ જીવન પૂરું થઈ જાય છે. પરંતુ આપણો ભ્રમ કાયમ રહે છે. જે આજે નથી મળ્યું , તે કાલે મળશે હજુ આગળ હજુ આગળ ,આજે સહન કરી લઈશ તો કાલે સુખ મળશે, શાંતિ મળશે એવી આશાએ બાવળને પોષતા રહીએ છીએ ,કે કદાચ એક દિવસ આ બાવળ ઉપર પણ કેરી નું સુંદર મજાનું ફળ લાગશે, કે પછી સુંદર મઘમઘતો ગુલાબ મળશે ,આવી જૂઠી ભ્રમણામાં ને ભ્રમણામાં જીવન વીતી જાય છે અને આપણે મૂર્ખાઓની એક નવી લાંબી લાઈન બનાવતા જઈએ છીએ ,કે જીવન સુખ માટે છે સંબંધો સુખ માટે છે.

**સૌરભ** — બી.કે.નીતાબેન

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

Website : www.rakhewaldaliy.com    E-mail : rakhewal@gmail.com
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ


# કડી તાલુકાની ૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે માત્ર ૨ ફોર્મ ભરાયા

મહેસાણા

કડી તાલુકામાં ૨૬ જેટલી ગ્રામ પંચાયતોમાં બોર્ડના સભ્યોની તથા સરપંચની આગામી ૧૫ જુલાઈના રોજ ચૂંટણી યોજાનાર છે. ત્યારે ગત શનિવારે ફોર્મ ભરવાના અંતિમ દિવસે કુંડાળ ગામમાંથી સરપંચ પદ માટે માત્ર બે ફોર્મ ભરાયા હતા. બાકી રહેલ ૨૫ ગ્રામ પંચાયતોની વોર્ડ સભ્યોની પેટા ચૂંટણી રસાકસી બની રહેશે કે નહિં તે હવે આજે સોમવારે મતપત્રકની તપાસણી બાદ ખ્યાલ આવી શકશે.

# પાટણમાં ધોળે દિ' બજારમાંથી રૂા.૨૨ હજારની થેલી ચોરી ગઠીયો ફરાર

પાટણ

પાટણમાં બગવાડા દરવાજા પાસે આવેલા તિરૂપતિ બજારમાં કોઈ કામ અર્થે આવેલા શખ્સની થેલીમાંથી રૂા.૨૨ હજાર કોઈ ગઠીયો લઈ જઈને પલાયન થઈ ગયો હતો.હારીજ તાલુકાના સાંકરા ગામના ઠાકોર નટાજી નાતજીજી પાટણની એક બેન્કમાંથી પૈસા ઉપાડી બગવાડા દરવાજા પાસે આવેલા તિરૂપતિ બજારમાં જલારામ મોબાઈલની દુકાનમાં નવું સીમકાર્ડ સેવા આવ્યા હતા. તેમણે પોતાની પૈસાની થેલી ટેબલ પર બાજુએ મુકી દુકાનદાર સાથે વાત કરતા હતા તે સમય દરમ્યાન કોઈ ગઠીયો થેલી લઈને ફરાર થઈ ગયો હતો આ અંગેની જાણ નટાજીને થતાં આસપાસની દુકાનોમાં લાગેલા સીસીટીવી કેમેરામાં પોલીસનો સંપર્ક કરી તપાસ ચલાવી હતી.

# કાર ઝાડ સાથે અથડાતાં અકસ્માત ભાજપના યુવા અગ્રણી સહિત બેનાં મોત

(જી.એન.એસ) ધનસુરા

ધનસુરા નજીક વડાગામ પાસે કાર ઝાડ સાથે અથડાતાં સર્જાયેલા અકસ્માતમાં ધનસુરાના યુવા ભાજપ અગ્રણી સહિત બે વ્યક્તિનાં મોત થયા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ અકસ્માતની વિગત એવી છે કે, ધનસુરાના રહીશ અને તાલુકા ભાજપના યુવા પ્રમુખ હર્ષિલ મુકેશભાઇ પટેલ (ઉ.વ. ૨૩) અને તેનો મિત્ર આકાશ વિપુલભાઇ પટેલ આ બંને તેમના ધંધાર્થે કારમાં આકરુંદ ગામ આવ્યા હતા.

ધંધાનું કામકાજ પતાવી આ બંને મોડી રાત્રે આકરુંદથી ધનસુરા જવા નીકળ્યા હતા. તેમની કાર રાત્રીના ૧૨ વાગ્યાના સુમારે વડાગામ-શામનગર વચ્ચેથી પસાર થતી હતી ત્યારે તૂટેલા રોડના કારણે ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાતાં આ ગમખ્વાર ઘટના બની હતી.જેમાં આકાશ વિપુલભાઇ પટેલનું માથાના ભાગે ગંભીર ઈજા થતા ઘટનાસ્થળે મોત થયું હતું જયારે હર્ષિલ પટેલનું પણ સારવાર મળે તે પહેલાં જ મોત થયું હતું.આ ઘટનાની જાણ થતા જ ધનસુરાથી લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને શોકની લાગણી છવાઇ હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | તલ | ૧૫૪૦ |
| ઘઉં | ૩૩૦-૩૪૫ | અન્ય | ૬૦૪-૧૩૯૫ |
| બાજરી | ૨૩૨-૨૭૪ | ચણા | ૬૦૪ |
| ગવાર | ૭૦૦-૭૨૮ | ચીકુડી | ૧૨૦૧-૧૩૯૫ |
| રાજગરો | ૧૦૮૫-૧૧૯૦ | ર.બાજરી | ૪૦૦-૪૩૧ |
| મગફળી | ૬૮૦-૮૨૨ | | **થરા** |
| એરંડા | ૭૮૬-૭૯૫ | જીરૂ | ૩૦૦૦-૩૭૨૨ |
| રાયડો | ૬૯૦-૭૧૪ | એરંડા | ૭૭૫-૮૦૫ |
| સુવા | ૯૯૬ | ઘઉં | ૩૩૧-૩૬૫ |
| | **ભીલડી** | બાજરી | ૨૨૬-૨૪૦ |
| એરંડા | ૭૭૫-૭૯૦ | ગવાર | ૬૫૦-૬૯૫ |
| રાયડો | ૬૮૦ | જુવાર | ૫૭૫-૮૯૦ |
| બાજરી | ૨૨૫-૨૩૫ | અડદ | ૬૮૦-૭૩૦ |
| ઘઉં | ૩૧૫-૩૪૩ | રજકા બા. | ૪૭૩-૪૯૦ |
| ગવાર | ૭૦૦-૭૨૫ | | **સિધ્ધપુર** |
| મગફળી | ૬૫૦-૭૯૪ | રાયડો | ૬૪૧-૭૧૦ |
| | **નેનાવા** | એરંડા | ૭૮૨-૮૦૪ |
| જીરૂ | ૨૮૭૬-૩૫૫૧ | મઠ | ૮૦૦ |
| ઈસ. | ૧૧૦૦-૧૪૦૦ | અડદ | ૪૦૦-૮૦૨ |
| રાયડો | ૬૮૫-૭૩૧ | ઘઉં | ૩૩૧-૪૧૮ |
| એરંડા | ૭૮૪-૭૯૩ | જુવાર | ૫૪૦-૯૩૪ |
| બાજરી | ૨૨૮-૨૪૭ | બાજરી | ૨૧૫-૨૫૨ |
| ગવાર | ૭૧૬ | | **પાટણ** |
| ઘઉં | ૨૭૫ | જીરૂ | ૨૪૦૦-૩૩૫૧ |
| અસાળીયો | ૭૭૫ | વરીયાળી | ૧૧૫૦-૧૫૯૧ |
| ચણા | ૬૦૦ | મેથી | ૩૫૦-૫૨૫ |
| મેથી | ૫૨૧-૬૦૧ | સુવા | ૮૫૦-૧૧૦૧ |
| બીજડા | ૭૯૦ | રાયડો | ૬૬૫-૭૪૨ |
| અજમો | ૧૦૦૦-૧૧૯૮ | એરંડા | ૭૭૦-૮૦૭ |
| ચીકુડી | ૧૦૮૫-૧૩૮૧ | ઈસ. | ૧૦૫૦-૧૨૮૧ |
| રજકો | ૧૫૬૫-૨૧૦૦ | અજમો | ૬૫૦-૧૧૭૦ |
| સુવા | ૧૦૦૦-૧૦૭૮ | ઘઉં | ૩૩૫-૩૯૭ |
| | **પાંથાવાડા** | બાજરી | ૨૧૬-૨૫૦ |
| ઘઉં - | ૨૭૦/- ૨૯૪/- | રજકા બા. | ૩૮૦-૪૪૦ |
| બાજરી - | ૨૨૦/- ૨૩૫/- | ગવાર | ૬૬૦-૭૩૧ |
| ગવાર. - | ૬૯૧/- ૭૧૬/- | જુવાર | ૪૦૦-૮૪૧ |
| રાજગરો- | ૧૦૩૦/- ૧૦૯૦/- | રજકો | ૧૩૦૦-૨૪૯૫ |
| જીરૂ. | -૩૧૮૫/- ૩૨૦૦/- | ચીકુડી | ૯૦૦-૧૩૭૬ |
| રાયડો - | ૭૧૦/- ૭૧૮/- | બંટી | ૩૮૦-૪૦૦ |
| એરંડા- | ૭૭૫/- ૭૮૮/- | | **થરાદ** |
| મગફળી - | ૭૧૦/- ૮૧૦/- | રાયડો | -૭૧૦-૭૪૫ |
| | **ધાનેરા** | એરંડા | -૭૭૫-૮૦૦ |
| ઘઉં | ૩૧૪-૩૩૯ | બાજરી | -૨૩૫-૨૬૧ |
| બાજરી | ૨૩૫-૨૫૫ | ચિકુડી | -૧૧૨૫-૧૪૦૦ |
| જવ | ૩૧૫-૩૨૦ | ગવાર | -૭૦૫-૭૨૫ |
| ગવાર | ૬૯૧-૭૩૩ | મેથી | -૫૦૦-૬૭૫ |
| મગફળી | ૬૦૧-૭૪૫ | વરીયાળી | -૧૧૦૦-૧૩૯૦ |
| રાયડો | ૬૭૫-૭૩૦ | જીરુ | -૨૬૦૦-૩૬૬૧ |
| એરંડા | ૭૭૦-૭૯૨ | અજમો | -૧૦૦૦-૧૮૦૦ |
| ઈસ | ૧૧૧૧-૧૪૪૧ | ઈસબગુલ | -૧૨૦૦-૧૫૩૬ |
| રજકો | ૧૬૭૬-૨૩૧૧ | રજકો | -૧૭૦૦-૨૫૨૦ |
| બીજડાં | ૧૧૦૧ | સોવા | -૯૦૦-૧૦૩૧ |
| સુવા | ૯૩૬-૧૦૪૦ | | **રાહ** |
| જીરૂ | ૩૦૫૦-૩૪૦૦ | રાયડો | -૭૧૦-૭૨૫ |
| વરી. | ૧૩૩૯-૧૪૦૮ | એરંડા | -૭૮૦-૭૯૦ |
| અજમો | ૮૯૯ | બાજરી | -૨૪૦-૨૫૦ |
| મેથી | ૫૯૦-૬૦૦ | ચિકુડી | -૧૩૨૫-૧૩૮૦ |

# સિધ્ધપુરના ખડીયાસણા ગામની યુવતીનું અપહરણ કરી દુષ્કર્મ આચરાયું

મહેસાણા

સિધ્ધપુર તાલુકાના ખડીયાસણા ગામની એક યુવતીને તેના જ ગામના યુવકે લગ્નની લાલચ આપી અપહરણ કરી એક મકાનમાં ગોંધી રાખી તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરતા યુવતિએ સિધ્ધપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

જાણવા મુજબ સિધ્ધપુર તાલુકાના ખડીયાસણા ગામની એક ૨૩ વર્ષીય યુવતી તેની માતા સાથે સિધ્ધપુરમાં લગ્નના સામાનની ખરીદી કરવા આવી હતી. તે દરમિયાન યુવતીના જ ગામનો યુવક રજનીકાન્તભાઈ પરમાર યુવતીને લગ્નની લાલચ આપી ફોસલાવીને અપહરણ કરી વડનગર પાસેના સુદાસણા ગામે તેના મિત્રના ઘરે લઈ ગયો હતો અને યુવતી સાથે તા. ૧૬/૫/૧૮ ના રોજ તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરી તેણીને ધમકાવી કહ્યું હતું કે આ વાતની કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાંખીશ, જેથી યુવતીએ આ ધાકધમકીના કારણે ફરિયાદ ન કરી પરંતુ તે નારી ગૃહમાં ગઈ હતી. ત્યાંથી ઘરે જઈ પિતાને સઘળી હકીકત જણાવી હતી. જેથી પિતાએ પુત્રીને સિધ્ધપુર પોલીસ સ્ટેશન લાવી રજની પરમાર તથા તેને મદદ કરનાર મિત્ર મહેશ ચૌહાણની વિરૂધ્ધ ગુનો દાખલ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વડાલીની સી.જે.હાઈસ્કુલમાં વડાપ્રધાન આવાસ યોજનાના મંજુરી પત્રકોનું વિતરણ



નરેન્દ્રસીંહ રાઠોડ

પ્રતિનિધિ વડાલી

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વડાલી શહેરી વિસ્તારના કુલ ૧૫૪ આવાસો મંજુર થયેલા છે. જેના મંજુરી પત્રકોનું વિતરણ ધારાસભ્ય ઈડર કનોડીયા હિતુભાઈ તેમજ રમણલાલ વોરાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જેનો પ્રથમ હપ્તો ૩૦,૦૦૦ લાભાર્થીઓના ખાતામાં જમા કરી દેવામાં આવ્યો છે. આ આવાસમાં સરકારની સહાય ૩,૫૦,૦૦૦ ની છે. જેમાં પ્રથમ હપ્તો ૩૦,૦૦૦, ૪૫૦૦૦/- બીજો હપ્તો, ૫૫૦૦૦/- ત્રીજો હપ્તો, ૧,૦૦,૦૦૦ ચોથો, ૭૦,૦૦૦/- પાંચમો હપ્તો, ૫૦,૦૦૦ છઠ્ઠો હપ્તો આ લાભાર્થીઓને ચુકવવામાં આવશે. તેવું દિશા કન્સલ્ટન્ટન્ટ ધવલભાઈ ગઢવી દ્વારા જાણવામાં આવ્યું હતું. વડાલી ખાતે તમામ લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

તેમજ વડાલી શહેરના લારી ગલ્લાવાળા નાના ફેરીયાઓને ઓળખકાર્ડનું વિતરણ પણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે તખતસિંહ હડિયોલ, હરીસિંહ ભાટી, સમતબેન સગર પ્રમુખ વડાલી પાલિકા, કિર્તિભાઈ જેસ્વાલ, કે.ડી.પરમાર, મામલતદાર ખાંટ, વડાલી શહેર એસો ગઢવી હાજર રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# પાયોનિયર સ્કૂલમાં મિઝલ્સ અને રૂબેલા વેક્સીન જાગૃતિ માટેનો અવેરનેસ સેમીનાર યોજાયો



પાટણ

ગતરોજ પાટણના એકમાત્ર ગ્રીન કેમ્પસ એવા કે.સી.પટેલ વિદ્યસંકુલ સંલગ્ન પાયોનિયર સ્કૂલમાં પેરેન્ટસ અને ટીચર્સ માટે હેલ્થ અવેરનેસ સેમિનાર યોજાયો જેમાં ભારત સરકાર દ્વારા મિઝલ્સ (ઓરી) અને રૂબેલાના રોગને સંપૂર્ણ નાબૂદ કરવાના આશયથી આગામી જુલાઈ માસમાં રાજયના ૯ માસથી ૧૫ વર્ષની ઉમરના પ્રત્યેક બાળકને રસીકરણ કરવામાં આવશે. જેની સંપૂર્ણ માહિતી માટેનો પેરેન્ટસ સેમિનાર ગતરોજ જિલ્લા શિક્ષણાધિકારી એસ. એચ. વ્યાસની અધ્યક્ષતામાં યોજાયો જેમાં પાટણ જિલ્લા હેલ્થ ડીપાર્ટમેન્ટ તરફથી ડાૅ. અલ્પેશભાઈ સાલવી (જિલ્લા આર.સી.એચ.) ડાૅ.અક્ષયભાઈ પ્રજાપતિ (તાલુકા હેલ્થ ઓફીસર), ડાૅ. મિતલબેન પટેલ (મેડીકલ ઓફીસર), ડાૅ. સાગરભાઈ (આર.બી.એસ.કે જિલ્લા નોડલ ઓફીસર) ઉપરાંત પાટણના ખ્યાતનામ પિડીયાટ્રીક સર્જન- ડાૅ.સાગરભાઈ (આર.બી.એસ.કે જિલ્લા નોડલ ઓફીસર) ઉપરાંત પાટણના ખ્યાતનામ પિડીયાટ્રીક સર્જન- ડાૅ.મોનિષ શાહ વગેરે ઉપસ્થિત રહીને વાલીઓ સમક્ષ રોગોની ગંભીરતા અને તેની વેક્સીનની અસરોનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા માહિતગાર કર્યા હતા. વેક્સીનમાં વપરાતા ઈન્જેકશન પણ ફક્ત એકવાર ઉપયોગ લઈ શકાય તેવા હોઈ ઈન્જેકશનની સેફટી બાબતે પણ વાલીઓને જાગૃત કર્યા હતા.

આ પ્રસંગે કે.સી.પટેલ-પ્રદેશ મહામંત્રી ગુજરાત પ્રદેશ ભા.જ.પ.ના વિશેષ ઉપસ્થિત રહી અને ભારત સરાકારે આ વેકસીન જુલાઈ માસથી ત્રણ રાજયોમાં અભિયાન સ્વરૂપને દરેક બાળકને લગાવવામાં આવશે. અને અત્યાર સુધી અનેક રાજયોમાં આ વેક્સીન લગવવાનું અભિયાન થઈ ચુક્યું છે.

અને એના પરિણામ પણ હકારાત્મક આવ્યા છે. તેણે ઉપસ્થિત તમામ વાલીગણને પોતાના બાળક ઉપરાંત અડોશ પાડોશમાં પણ આ બાબતે જાગૃત કરવામાં આવે. તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે પાટણના ખ્યાતનામ પિડીયાટ્રીક સર્જન મોનિષ શાહએ આ વેકસીનની કોઈપણ પ્રકારની આડ અસર થતી નથી. તેમ તેઓએ જણાવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પાયોનિયર પ્રાઈમરી સ્કૂલના તમામ સ્ટાફ મિત્રો તથા હેલ્થ ડીપાર્ટમેન્ટમાંથી એલ. ટી.પટેલ તથા સ્નેહાબેન ઠક્કરે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી વિકાસભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે યાત્રાધામ બહુચરાજી ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળની મીટીંગ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાશે

ચાણસ્મા

યાત્રાધામ બહુચરાજીથી દર ચૈત્ર અને આસો માસની પૂનમે બહુચર માતાજીની પાલખી લઈ જવાની સદીઓથી પરંપરા ચાલી આવે છે. પરંતુ બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા માતાજીની પાલખી શંખલપુર નહીં લઈ જવા હિલચાલ શરૂ કરાઈ છે અને તે અંગે તા.૩/૬/૨૦૧૮ ના રોજ મળનાર ટ્રસ્ટી મંડળની મિટિંગમાં ચર્ચા માટે એજન્ડામાં સમાવેશ કરાયો છે. બહુચરાજી ટ્રસ્ટના આ નિર્ણય સામે શંખલપુર મંદિર ટ્રસ્ટ તેમજ ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે અને પરંપરા તોડવામાં આવશે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળની બેઠક તા.૩/૭/૨૦૧૮ ના રોજ ટ્રસ્ટના ચેરમેન-વ-કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાનાર છે. સામાન્ય સભાની મિટિંગના એજન્ડામાં પાંચમા નંબરના એજન્ડામાં આગામી ચૈત્રી અને આસો પુનમની બહુચરાજીથી શંખલપુર ગામમાં પાલખી ન લઈ જવા અંગેની વિશેષ ચર્ચા કરી નિર્ણય લેવાની બાબતનો સમાવેશ કરાયો છે. ટેમ્પલ ટ્રસ્ટના આ વિવાદાસ્પદ નિર્ણયની જાણ શંખલપુર ટોડા બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ તેમજ ગ્રાજનોને થતાં લોકોની આસ્થા સાથે જોડાયેલી બાબતને લઈ પ્રચંડ વિરોધ સાથે આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. આ મામલે શંખલપુર ટેમ્પલ ટ્રસ્ટના ચેરમેન કાળીદાસ પટેલ અને મંત્રી અમૃતભાઈ પટેલે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે, બહુચરાજી અને શંખલપુર તીર્થધામ બહુચર માતાજીના શ્રદ્ધાસ્થાનકો છે. આ બંને તીર્થધામોની શ્રદ્ધાને વધારવા સયાજીરાવ ગાયકવાડ મહારાજા વખતથી દર ચૈત્રી અને આસો પૂનમે માતાજીની સવારી બહુચરાજીથી શંખલપુર ગામે આવે છે. શંખલપુર ગ્રામજનો શ્રદ્ધાપૂર્વક હર્ષોલ્લાસ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. આ સદીઓ જૂની પરંપરા તોડવા પાલખીને શંખલપુર નહીં લાવવા કોઈ નિર્ણય લેવામાં આવશે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ લાખો શ્રદ્ધાળુઓની આસ્થા સાથે જોડાયેલો વિષય છે. તેમાં કોઈપણ જાતના ફેરફારને ક્યારેય સાંખી લેવામાં નહીં આવે. જરૂર પડે મુખ્યમંત્રી અને વડાપ્રધાન સુધી આ મામલો લઈ જઈશું.

# હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પ્લાનિંગ બોર્ડ શોભાના ગાંઠિયા સમાન

પાટણ

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્લાનિંગ બોર્ડની વર્ષ વીતી જવા છતાં બેઠક મળી નથી. આ સાથે ગોએન્કા અને બજાજ જેવા ઉદ્યોગપતિ સદસ્યો ક્યારેય બેઠકમાં આવી શકે તેમ નથી. વર્ષ ભરનો પ્લાન તૈયાર કરનાર પ્લાનિંગ બોર્ડ શોભાના ગાંઠિયા સમાન બની રહ્યું છે.

પાટણ સ્થિત ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યવાહી સિવાય બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગ એન્ડ રિચર્સ, બોર્ડ ઓફ સ્ટુન્ડટ વેલ ફેર, બોર્ડ ઓફ એક્ષટર્નલ સ્ટડીઝ, બોર્ડ ઓફ સ્પોર્ટસ, બોર્ડઓફ પબ્લિકેશન, હોટલ મેનેજમેન્ટ, પ્લાનિંગ બોર્ડ સહિત ફાઈનાન્સ કમિટી, બિલ્ડિંગ કમિટી, એન. એસ. એસ.એડવાઈઝરી કમિટી, કાર્યરત છે. દરેક બાબત સેનેટ સદસ્યોથી જે તે કમિટિ-બોર્ડમા આવ્યા બાદ કારોબારીમાં મુકવામાં આવે છે. જેમાં પ્લાનિંગ બોર્ડની કામગીરી નામ જોતાં અત્યંત મહત્વની લાગે છે, આ વિશે કેટલાક સદસ્યો અને સંબંધિઓને પૂછતાં પ્લાનિંગ બોર્ડની સચોટ કામગીરી અજાણ હોવાનું સામે આવ્યું છે. પ્લાનિંગ બોર્ડના ૧૬ સભ્યો પૈકી રાહુલ બજાજ એસ.એસ.ગોએન્કા જેવા ઉદ્યોગપતિઓ પણ છે, જેઓ ક્યારેય બેઠકમાં આવી શકે તેમ નથી.

# હિંમતનગરના પુનાસણ ગામે મહિલાઓ માટે ''સ્ત્રી સ્વાભિમાન' પ્રોજેક્ટ શરુ કરાયો

(જી.એન.એસ) હિંમતનગર

હિંમતનગર તાલુકાના પુનાસણ ગામે શ્રવણ સુખ ધામમાં હવે મહિલાઓ માટે ''સ્ત્રી સ્વાભિમાન' પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો છે. જેમાં મહિલાઓના આરોગ્યને ધ્યાનમાં લઈને અહીં મહિલાઓ જ સેનેટરી પેડ બનાવશે અને રોજગારી પણ મેળવશે.તો આ સેનેટરી પેડ વિના મુલ્યે શાળાની દીકરીઓને પણ અપાશે.

પુનાસણ ગામે આવેલું શ્રવણ સુખ ધામ હવે સાચા અર્થમાં મહિલાઓ માટે સુખ ધામ બન્યું છે. ગ્રામીણ મહિલાઓ અને સ્કુલમાં અભ્યાસ કરતી દીકરીઓ સેનેટરી પેડ બાબતે જાગૃત બને એ માટે સી.એસ.સી ઈ-ગવર્નન્સનાં માધ્યમથી 'સ્ત્રી સ્વાભિમાન' નામનો પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો છે. જેમાં મહિલાઓ જ જાતે સેનેટરી પેડ બનાવશે.અને આ કામગીરીની સાથે સાથે પોતે રોજગારી પણ મેળવશે.

હાલમાં અહી ૬ મહિલાઓ કામ કરીને રોજગારી મેળવી રહી છે.તો અહી ઉત્પાદિત કરાયેલા સેનેટરી પેડ કવિ શ્રી ઉમાશંકર જોશીના ગામ બામણાની વિદ્યાર્થીનીઓને મફત વિતરણ કરવામાં આવ્યા.

આવનાર દિવસોમાં પણ અહીં ઉત્પાદિત સેનેટરી પેડ તમામ વિદ્યાર્થીનીઓને અને મહિલાઓને વિના મુલ્યે અપાશે.

પેડમેન ફિલ્મ રજુ થયા બાદ ભારત સરકાર પણ સ્ત્રીઓની સ્વાસ્થ્ય બાબતે જાગૃત થયું છે અને ગ્રામ્ય વિસ્તારની સ્ત્રીઓ પણ પોતાના આરોગ્ય બાબતે જાગૃત થાય એ માટે આવા પ્રોજેક્ટ શરુ કર્યા છે. જે સાચા અર્થમાં મહિલાઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે.

# સાબરકાંઠા એલ.સી.બી. એ ચોરીના બાઈક સાથે આરોપીને ઝડપી પાડયો



સતીષ ભટ્ટ

હીમતનગર

સાબરકાંઠા એલ.સી.બી.ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર વી.યુ. ગડરીયા તથા પો.સ.ઈ એસ.એ. ગોહિલ તથા એલ.સી.બી. સ્ટાફના માણસો પ્રાંતિજ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ડ્રા.પો. કો. પ્રહલાદસિહ બનસિહ મારફતે ખાનગી રાહે હકીકત મળેલ કે કાટવાડ ગામે આવેલ એસીયન ટાઈલ્સની ફેકટરીમાં એક ઈસમ કાળા કલરનુ બજાજ કંપનીનું પલ્સર મોટર સાઈકલ ૧૫૦ સી.સી.નુ લઈને રહે છે.

આ ઈસમ મો.સા. લઈ કાટવાડ ચાર રસ્તા ઉપર આવનાર હોવાની હકીકત જણાવેલ જેથી કાટવાડ ચારરસ્તા પાસે વોચમાં હતા તે દરમ્યાન એસીયન ટાઈલ્સની ફેક્ટરી તરફના રસ્તેથી એક ઈસમ કાળા કલરનુ પલ્સર મો.સા. આગળ પાછળ નંબર વગરનુ લઈને આવતાં સદરી ઈસમને મો.સા.સાથે ઉભો રખાવી નામઠામ પુછતાં કીર્તીસિહ દિલીપસિહ ઠાકોર રહે.મુળ શામળાજી તા.ભિલોડા જી. અરવલ્લી હાલ રહે. કાટવાડ એસીયન ટાઈલ્સ ફેકટરી ની કોલોનીમાં તા. પ્રાંતીજ વાળો હોવાનુ જણાવેલ અને ઈસમને બાઈક કોનુ છે ક્યાથી લાવેલ છે તે સંબંધે પુછ પરછ કરતાં તેમજ ગાડીને લગતા કાગળો માગતાં કોઈ સંતાષ કારક જવાબ આપેલ ન હોઈ અને ગલ્લાંતલ્લાં કરી પ્રથમ ગોળ ગોળ જવાબો આપેલ અને વધુ પુછપરછ કરતાં મો.સા. મોડાસા નવી આર.ટી.ઓ.ઓફિસની સામે પડેલ હોય ત્યાંથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ હોય જેથી મો.સા.ની કિંમત રૂ.૪૦,૦૦૦/- ની ગણી તપાસ અર્થે કબજે કરી પ્રાંતિજ પો.સ્ટે. સોંપવામાં આવેલ છે.

# રાધનપુરમાં લો કોલેજનો શુભારંભ,સ્પોટ્ર્સ હોલ અને સેકન્ડરી સ્કૂલનું નામકરણ કરાયું



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં આઠમી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ હિમ્મતલાલ મુલાણી દ્વારા સ્થાપિત શ્રી અમરજયોત એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે કમીજડાની ભાણસાહેબની જગ્યાના મહંત પરમપૂજ્ય જાનકીદાસજી મહારાજની પાવન નિશ્રામાં અને લોહાણા મહાપરિષદના અધ્યક્ષ પ્રવીણભાઈ કોટકની અધ્યક્ષતામાં ભારતી ચંદ્રેશ વીરવાડીયા લો કોલેજનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો.આ પ્રસંગે સંસ્થાને રૂ.૩૦ લાખનું દાન આપનાર મહેન્દ્રભાઈ ઘેલાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.તેમના દ્વારા અનુદાનિત સ્પોટ્ર્સ હોલ અને ભોજનકક્ષનું પણ નામકરણ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત માતૃશ્રી લલીતાબેન વલ્લભરામ ઠક્કર સેકન્ડરી સ્કૂલનું પણ દાતા પરિવારના પિયુષભાઈ વલ્લભભાઈ ઠક્કરની ઉપસ્થિતિમાં નામકરણ કરવામાં આવ્યું હતું.ટ્રસ્ટના પ્રમુખ ડો.મહેશભાઈ મુલાણીએ મહેમાનોનો વિસ્તૃત પરિચય આપીને શાબ્દિક સ્વાગત કર્યું હતું.પરમપૂજ્ય જાનકીદાસજી મહારાજે ઉપસ્થિત લોહાણા જ્ઞાતિના દાતાઓ અને જૈન જ્ઞાતિના દાતાઓનો સંગમ જોઈને રવિભાણ સંપ્રદાયને યાદ કરીને દાતાઓને વતન પ્રત્યેનું ઋણ અદા કરવા બદલ બિરદાવ્યા હતા.આ પ્રસંગે લો કોલેજના મુખ્ય દાતા ચંદ્રેશભાઈ વીરવાડીયા, જન્મભૂમિ અખબારના તંત્રી કુન્દનભાઈ વ્યાસ,ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજન-અમદાવાદના પ્રમુખ વિનોદભાઈ એસ. ઠક્કર, અનિલભાઈ શાહ,અશ્વિનભાઈ આંખડ, કુમારપાળભાઈ શાહ, હિમાંશુભાઈ ઠક્કર,હિમ્મતભાઈ કોટક,સહીત દાતાઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં લો કોલેજના દાતા પરિવાર ચંદ્રેશભાઈ વીરવાડીયા, વિરલભાઈ વીરવાડીયા, અમીબેન, રિધ્ધિબેન, ધીરેનભાઈ, પ્રિતેશભાઈ તરફથી નવા બે યુનિટ માટે દાનની જાહેરાત કરવામાં આવી હતી,અને કાંતાબેન મુકતીલાલ વીરવાડીયા હોલ અને વિરલ ચંદ્રેશ વીરવાડીયા કોમ્પ્યુટર લેબનું નામકરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓમાં સર્વોદય કાર્યકર શ્યામસુંદરભાઈ પરીખ,અંબા મિલના દેવચંદભાઈ ઠક્કર, માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી, વિનોદભાઈ ગોકલાણી, પ્રકાશભાઈ દક્ષિણી,હરેશભાઈ મસાલિયા સહીત ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુર ખાતે વિશાળ વિરોધી રેલી યોજી

# વડગામ ધારાસભ્ય દ્વારા બનાસકાંઠાના પ્રાણ પ્રશ્નો સંદર્ભે કલેક્ટરને આવેદનપત્ર

### યોગ્ય નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લાની સળગતી સમસ્યા ઓને લઈને શાસક તથા વિપક્ષી ધારાસભ્યો ની ઘોર ઉદાસીનતા વચ્ચે વડગામના અપક્ષ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી એક્શન મોડમાં આવ્યા છે. જીગ્નેશ મેવાણીએ આજે લડબી નદીના દબાણો, સિવિલના ખાનગીકરણ, સરકારી મેડિકલ કોલેજ, ખેડૂતોનો પાક વીમો સહિતના જિલ્લાના પ્રશ્નો મામલે રેલી યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં યોગ્ય નિરાકરણ નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

પાલનપુરની લોકમાતા



(સંજય જોષી)

લડબી નદીમાં થયેલા દબાણો, પાલનપુર સિવિલનું ખાનગી કરણ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં ખેડૂતોને પાક વીમો ન મળવા બાબત, ખેડૂતોને ટેકાના ભાવ આપવા બાબત, સેટેલાઇટ સર્વેમાં થયેલી ખોટી

અનુસંધાન પાના નં.૬

### વિપક્ષના ભેદી મૌન વચ્ચે અપક્ષની સક્રિયતા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં નબળી નેતાગીરીના પાપે જિલ્લા વાસીઓ આજે પણ નોંધારા હોવાનો અહેસાસ કરી રહ્યા છે. પ્રજાના પ્રતિનિધિઓ પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં સરેઆમ નિષ્ફળ રહ્યા છે. શિસ્તના ખીલે બંધાયેલા શાસક પક્ષના ધારાસભ્યો તો ઠીક પણ વિપક્ષ કોંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યો પણ મૂકપ્રેક્ષક બની અસરકારક વિપક્ષની ભૂમિકા ભજવવામાં નિષ્ફળ નીવડ્યા છે. જિલ્લા કોંગ્રેસ સહિત કોંગ્રેસી ધારાસભ્યોના ભેદી મૌન વચ્ચે વડગામના અપક્ષ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની સક્રિયતા જોતા પ્રજાજનો પણ હવે તેમને લોક નાયક માનતી થઈ જાય તેવા અણસાર વર્તાઈ રહ્યા છે.

### પાંથાવાડામાં યુવકે અગમ્ય કારણોસર ગળે ટુંપો ખાઈ જીવન ટૂંકાવ્યું

પ્રતિનિધિ પાંથાવાડા

પાંથાવાડા પોલીસ મથકના સુત્રોના જણાવ્યા અનુસાર દાંતીવાડા તાલુકાના પાંથાવાડા ગામે આવેલા ડેરી ત્રણ રસ્તા નજીક એક શોપિંગ સેન્ટરની દુકાનમાં મૂળ રાજસ્થાનના કારોલી જીલ્લાના કંચનપુર ગામના અને પાંથાવાડામાં પથ્થર ફિટિંગના કામની મજૂરી કામ કરતા શિવનારાયણ શુંસરિયા પ્રજાપતી ઉ.વ.૨૭ના એ સોમવારે વહેલી સવારે અગમ્ય કારણોસર ગળે ટુપો ખાઈ જીવન લીલા સંકેલી નાખતા ચકચાર મચી ગઈ હતી.પાંથાવાડા પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતકના કાકાના દીકરાભાઈ સુરજકુમાર બિરજુ પ્રજાપતીની ફરિયાદના પગલે જરૂરી કાર્યવાહી કરી પાંથાવાડા રેફરલમાં લાવતા ફરજ પરના તબીબ ડો.હિમાંશુ ગઢવીએ પી.એમ.કરી મૃતદેહ વાલી વારસાને સોંપ્યો હતો.

# બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ વરસાદ દાંતામાં અને સૌથી ઓછો વરસાદ ધાનેરામાં નોંધાયો





### લાગણી લાયક વરસાદના અભાવે ખેડૂતોને ફુવારા ચાલુ કરવાની નોબત આવી

પ્રતિ. વડાવળ

ગુજરાત રાજ્ય પર છવાયેલી અપર એર સાયકલોજિકની સિસ્ટમ ગુ-જરાત પરથી મધ્યપ્રદેશ પર ખસી જતાં વરસાદના પ્રથમ રાઉન્ડમાં સામાન્ય વરસાદ થતાં ખેડુત વર્ગમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે સરહદી વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં વાવ, થરાદ, સુઈગામ, ભાભર સહિતના અનેક તાલુકાના ખેડુતો આકાશી ખેતી પર નિર્ભર છે ચાલુ વર્ષે નર્મદા કેનાલમાં પણ પાણી છોડવામાં ન આવતા આ વિસ્તારના ખેડુતોને માત્ર આકાશી ખેતી પર રાહ જોવી પડી રહી છે ત્યારે તેવા વિસ્તારોમાં પણ સામાન્ય વરસાદ નોંધાતા ખેડુતોને વાવણી કરવી કે ન કરવી તેવી અસંમજસ ઉભી થઈ છે જમીનમાં સામાન્ય ભેજમાં વાવણી કરી પાછળથી વરસાદ ખેચાય તો પાક નિષ્ફળ જાય જેથી મોઘાભાવનું બિયારણનો ખર્ચ પણ માથે પડે જેથી સામાન્ય વરસાદના પગલે ખેડુત વર્ગમાં ચિંતા ફેલાઈ રહી છે જ્યારે જિલ્લાના અન્ય વિસ્તારોમાં જ્યાં સિંચાઈની સગવડ ઉપલબ્ધ છે તેવા ખેડુતોએ મધ્યમ વરસાદની સાથે ફુવારા દ્વારા ઓરવણ કરી વાવણીની શરૂઆત કરી દીધી છે એટલે કે ચોમાસાની શરૂઆતમાં ખેડુતોને ફુવારા ચાલુ કરવાની નોબત આવી ગઈ છે

બૃહદ બનાસકાંઠા જિલ્લામાં પૂર્વ ભાગમાં ભારે વરસાદ થયો જ્યારે ઉત્તરમાં સામાન્ય અને મધ્ય અને પશ્ચિમમાં મધ્યમ વરસાદ થયો છે. જેથી ખેડુત વર્ગમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

**જિલ્લા મોસમ વિભાગમાંથી મળતા વરસાદના આંકડા મુજબ તા.૨/૭/૨૦૧૮ સુધી નીચે મુજબ વરસાદ નોંધાયો છે.**

| | |
|---|---|
| ડીસા | ૩૪ મીમી |
| ધાનેરા | ૦૩ મીમી |
| વાવ | ૦૫ મીમી |
| થરાદ | ૦૭ મીમી |
| લાખણી | ૧૩ મીમી |
| સૂઈગામ | ૧૪ મીમી |
| કાંકરેજ | ૧૨ મીમી |
| દિયોદર | ૨૦ મીમી |
| દાંતીવાડા | ૨૨ મીમી |
| ભાભર | ૫૧ મીમી |
| અમીરગઢ | ૫૨ મીમી |
| પાલનપુર | ૬૭ મીમી |
| વડગામ | ૫૦ મીમી |
| દાંતા | ૧૦૨ મીમી |

# ભડથની પ્રા.શાળાના શિક્ષકની મનમાની સામે ગ્રામજનો ખફા

### ગ્રામજનોએ ડી.પી.ઈ.ઓ.ને આવેદનપત્ર પાઠવ્યું



(સંજય જોષી)

પાલનપુર

બનાસકાંઠામાં શિક્ષકોની મનમાની દિન પ્રતિદિન વધતી જાય છે. શિક્ષકોની મનમાનીને લઈને અનેક શાળાઓમાં તાળા પણ લાગ્યા છે અને શૈક્ષણિક કાર્ય પણ ઠપ્પ થયાના દાખલા છે. ત્યારે બનાસકાંઠાની વધુ એક શાળામાં શિક્ષકની મનમાનીને સામે આજે ગ્રામજનોએ શિક્ષકની બદલીની માંગ કરી હતી.

ડીસા તાલુકાના ભડથ ગામની શાળાના શિક્ષકની મનમાનીથી કંટાળેલા ગ્રામજનોએ આજે બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં જણાવ્યા મુજબ, આ શાળામાં શિક્ષક અનિયમિત છે. અને બાળકોને ભણાવતા નથી. ત્યારે શિક્ષકે એવું નિવેદન કર્યું હતું કે હું છેલ્લા કેટલાય વર્ષોથી ભણાવતો નથી. અને ભણાવવાનો

અનુસંધાન પાના નં.૬

# ડીસાની હોટલમાં દુષ્કર્મનો ભોગ બનેલી મહિલાની ફરિયાદ ન લેવાતી હોવાની રાવ

### પોલીસ ધમકી આપી લાખ રૂપિયાની માંગણી કરતી હોવાના પીડિતાના આક્ષેપો

પાલનપુર/ડીસા

બનાસકાંઠામાં દુષ્કર્મનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ડીસાની એક હોટલમાં મહિલાને નોકરીને બહાને લઇ જઇ અને દુષ્કર્મ આચર્યું હોવાના આક્ષેપ સાથે પીડિત મહિલા પરિવાર સાથે પાલનપુર ખાતે કલેકટર કચેરી પહોંચી હતી. જ્યાં પીડીતાએ ડીસા પોલીસ પર પૈસા માંગવાના પણ આક્ષેપ લગાવ્યા હતા.

પાલનપુરની એક મહિલાને નોકરીને બહાને ડીસા હાઈવે પરની એક હોટલમાં લઇ જઇ અને દુષ્કર્મ કર્યું હોવાનો મામલો સામે આવ્યો છે. દોઢ માસ અગાઉ આ મહિલાને ૩૭ વર્ષીય ચેતન હીરાલાલ બલદાણીયા (રહે.નર્મદા નહેર કન્સ્ટ્રક્શન સાઈટ, મુ.માવસરી તા.વાવ વાળા) નામના કોન્ટ્રાક્ટર દ્વારા ડીસા બોલાવાઇ હતી. અને નોકરી આપવાના બહાને હોટલમાં લઇ જઇ અને દુષ્કર્મ ગુજારી હોવાની આ પીડિત મહિલાએ આપવિતી રજૂ કરી હતી. તેને આ પીડિત મહિલાનો પરિવાર આજે કલેકટર કચેરી ખાતે

અનુસંધાન પાના નં.૬

### પાલનપુરમાં વીજ કરંટથી યુવકનું મોત

પાલનપુર

પાલનપુરના સુખબાગ રોડ પર આવેલી ગુલમહોર સોસાયટીમાં રહેતા એક ૨૮ વર્ષીય યુવકનું વીજ કરંટ લાગવાથી મોત નિપજ્યું હોવાના અહેવાલ સાંપડ્યા છે. પાલનપુરના સુખબાગ રોડ પર ગુલમહોર સોસાયટી આવેલી છે. જે સોસાયટીમાં રહેતા ૨૮ વર્ષીય તલ્હાભાઈ અકબરઅલી મુસાને બપોરના સુમારે વીજ કરંટ લાગ્યો હતો. જેને સારવાર અર્થે ૧૦૮ મારફતે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા તેમના પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

# ધાનેરાના ભાટરામ નજીક વ્હોળામાં જુગાર રમતા બે ઝડપાયા : છ ફરાર

### પાંથાવાડા પોલીસે બે વાહનો સહિત ૭.૮૫ લાખનો મુદ્દામાલ ઝડપ્યો

પ્રતિનિધિ પાંથાવાડા

ધાનેરા તાલુકાના ભાટરામ નજીક વ્હોળામાં રવિવારે સાંજે જુગાર રમતા બે ઈસમોને ત્રીસ હજારની રોકડ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય છ ઈસમો નાસી છૂટ્યા હતા. પાંથાવાડા પોલીસે રૂા.૭.૮૫લાખનો મુદ્દામાલ ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પાંથાવાડા પોલીસ મથકના સૂત્રોના જણાવ્યા અનુસાર બનાસકાંઠા જીલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની સુચનાથી પાંથાવાડા પી.એસ.આઈ. લલિતસિંહ રાણા પોતાના સ્ટાફ સાથે રવિવારે સાંજે બાતમીના આધારે ધાનેરા તાલુકાના ભાટરામ જનીક આવેલા વ્હોળામાં બાવળની ઝાડીમાં જુગાર રમતા બે ઈસમોને રૂ ૩૦,૩૯૦ રોકડ સાથે, રૂા. ૫૫૦૦ના મોબાઈલ નંગ-૨,રૂ ૫ લાખની સ્કોર્પિયો ગાડી અને રૂા.૨,૫૦,૦૦૦ ના

અનુસંધાન પાના નં.૬

**કોણ કોણ ઝડપાયા**

ગીરીશભાઈ રાયચંદભાઈ ઠક્કર, ધાનેરા
જગદીશભાઈ ગોપીચંદભાઈ ભીમાણી (સિંધી), ધાનેરા

**કોણ કોણ ફરાર**

રાવતભાઈ ધનાભાઈ પટેલ, રહે.ધનિયાવાડા, તા.દાંતીવાડા
ભરતભાઈ પટેલ, રહે.ધાનેરા
મધુસિંહ રાજપૂત રહે.મલોત્રા, તા.ધાનેરા તથા અન્ય ત્રણેક માણસો.

